MNE/413/2019-21

# વોઈસ ઓફ ઘાટકોપર

www.vognewslive.com | /vognewslive
બેસ્ટ ન્યુઝપેપર ઈન ટાઉન એવોર્ડ વિજેતા ઘાટકોપરનું પ્રિમીયમ ન્યુઝપેપર
Office : A-1, Basement, Satyam Shopping Centre, M.G.Road, Ghatkopar(East), Mumbai - 400 077. ☎ : 022-40229684
વર્ષ : 13 ● અંક : 18 ● સળંગ અંક : 505● મુંબઈ ● શુક્રવાર ● તા.22 મે – 28 મે 2020 ● પાના : 16 ● કિંમત રૂા.4

# ઘાટકોપરમાં કોરોના વિસ્ફોટ



## ઘાટકોપર એન વોર્ડમાં ફક્ત ૪૫ દિવસમાં ૮૦૦ થી વધુ કેસ નોંધાતા સનસનાટી:

## ૪૫ દિવસમાં ૮૦૦ કેસ

જતીન કોઠારી

વોઈસ ઓફ ઘાટકોપર: ૨૧ મે ૨૦૨૦, વોઈસ ઓફ ઘાટકોપર દ્વારા ગત અંકમાં ચેતવણી આપવામાં આવી હતી કે આ સપ્તાહ ઘાટકોપર માટે ખુબ મહત્વનું છે. તેવું જ બન્યું હતું. તા.૧૬ મે ના ૮૫ અને ૨૦ મેના ૯૨ એમ એક દિવસમાં સૌથી વધુ કોરોનાના કેસ નોંધાયા હતા. આ સાથે જો ૨૦૨૦ની આંકડાવારી મુજબ ૩૮ લોકોના દુ:ખદ મૃત્યુ થયા છે તો હજુ સુધી ૧૩૯ લોકો સારા થઈને ઘરે ગયા છે. તા.૭ મે થી ૨૦ મે પર્યંતમાં તા.૮ મેના દિવસે જ ૧૪ કેસ સૌથી ઓછા કેસ નોંધાયા છે. ત્યાર બાદના દિવસોમાં કેસની સંખ્યા વધી રહી છે.

મહાનગરપાલિકા દ્વારા હાલમાં દરેક વોર્ડ

**એન વોર્ડમાં ૧૦૦થી વધુ સોસાયટી સીલ**

**૧૨ કન્ટેન્મેન્ટ ઝોન**

**૧૨ કોરોન્ટાઈન સેન્ટર અને ૧૦ આઈસોલેશન સેન્ટરનો સમાવેશ**

છેલ્લા ૪૫ દિવસનું સરવૈયું કાઢવામાં આવે તો ૮૦૦થી વધુ કેસ ઘાટકોપર મુંબઈનું નવું કોરોના હોટસ્પોટ બન્યું છે.

આ લખાઈ રહ્યું છે ત્યારે ૨૦ મે પ્રમાણતે માહિતી પ્રકાશિત કરવામાં આવી રહી નથી પણ ૪ એપ્રિલની વોર્ડવાઈસ આંકડાવારીમાં એન વોર્ડમાં ૧૪ પોઝિટીવ કેસ નોંધાયા હતા.

| કોરોન્ટાઈન સેન્ટર | બેડ કેપેસીટી |
|---|---|
| divine residency | 60 |
| hotel oyo blue inn | 60 |
| shivaji technical institute, | 15 |
| hotel blue ocean | 40.00 |
| chandani residency | 32.00 |
| hotel oyo blue bay | 40.00 |
| ghatkopar guest house | 40 |
| hotel ganesh palace | 15.00 |
| hotel neo welcome | 18 |
| Jolly Gymkhana, Vidyavihar west ( rooms) | 60 |
| Lavendaur Baug, (Rooms) | 88 |
| Roa hotel | 43 |

| કોરોન્ટાઈન સેન્ટર | બેડ કેપેસીટી |
|---|---|
| Jolly Gymkhana, Vidyavihar west ( open ground) (Beat No 130) | 75 |
| Godrej Community Hall (Beat No.123/124) | 100 |
| Shahid Smarak Hall (Beat No. 125/133) | 100 |
| Pant Nagar School No.3 (Beat No.131/132) | 120 |
| Maniklal Mehta Muncipal School (Beat No.126/127) | 150 |
| SRA Building,B/H Mahendra Park (Beat No.128/129) | 200 |
| Ratanbhai hall ( CCC2 facility supplementary to Rajawadi hospital for N ward) | 20 |
| Pune VidyaBhavan School | 400 |
| Rajawadi Muncipal School | 200 |
| built up amenity (municipal chowky) | |

આ યાદી મહાનગરપાલિકા દ્વારા વેબસાઈટ પર પ્રસિદ્ધ કરાઈ છે જે ૧૮ મે ૨૦૨૦ પર્યંતનો ડેટા બતાવે છે.

**એન વોર્ડ ઘાટકોપર**
**ગુરુવાર ૨૧ મે ૨૦૨૦**
**કુલ પોઝિટીવ : ૮૭૮**
**કુલ ડીસ્ચાર્જ : ૧૩૯**
**કુલ મૃત્યુ : ૩૯**




## છેલ્લા ૧૫ દિવસમાં જ ૬૦૦થી વધુ કેસ

ઘાટકોપર એન વોર્ડમાં આંકડો આ સપ્તાહમાં ૧૦૦૦ને પાર કરે તો નવાઈ નહીં. હાલમાં તા.૧૯ મેના મનપાના ડેટા મુજબ ૧૦૦ જેટલી સોસાયટી સીલ કરવામાં આવી છે. ઘાટકોપર વિદ્યાવિહારની તમામ મુખ્ય સોસાયટી તથા વિસ્તારોમાં કોરોનાના કેસ પોઝીટીવ આવ્યા છે. ઘાટકોપર ઈસ્ટમાં ૪૦ જેટલી સોસાયટી આ લીસ્ટમાં છે. જે મોટા સોસાયટીમાં કોરોનાના કેસો સામે આવ્યા છે. તેમાં નીલકંઠ વેલી, નીલકંઠ કિંગડમ, મહિન્દ્રા પાર્ક, કલ્પતરુ ઓરા, ગાર્ડન કોર, સ્કાયલાઈન ઓએસીસ વગેરેનો સમાવેશ થાય છે.

**Datewise New Cases**

| | | |
|---|---|---|
| 07/05 : 27 | 08/05 : 14 | 09/05 : 43 |
| 10/05 : 32 | 11/05 : 26 | 12/05 : 19 |
| 13/05 : 19 | 14/05 : 30 | 15/05 : 40 |
| 16/05 : 85 | 17/05 : 76 | 18/05 : 60 |
| 19/05 : 44 | 20/05 : 92 | 21/05 : 62 |

કન્ટેન્મેન્ટ ઝોન – જે ખૂબ જ ગીચ વસ્તીવાળા વિસ્તારો છે તેને એક કરવામાં આવ્યા છે જેથી મનપા ઓછા સ્ટાફ વચ્ચે પણ અહીં યોગ્ય વ્યવસ્થા કરી શકે. ઘાટકોપરમાં લક્ષ્મીનગર, કામરાજ નગર, રમાબાઈ નગર, વિક્રોલી પાર્કસાઈટ, ભીમનગર-કાતોડીપાડા, નિત્યાનંદ નગર, કિરોલ ગાંવ, બર્વેનગર, ભટ્ટવાડી, ચિરાગનગર, પારશીવાડીનો સમાવેશ થાય છે.

આ સપ્તાહમાં કોરોન્ટાઈન સેન્ટર માટે કામાલેન ઘાટકોપર વેસ્ટમાં આવેલ જૈન હોસ્ટેલમમાં સેટઅપ કરવામાં આવેલ જેનો સ્થાનિકોએ વિરોધ કર્યા બાદ તેમના પર એફઆઈઆર થઈ હતી. ત્યાર બાદ સ્થાનિકો દ્વારા જ સેન્ટર બનાવવા માટે સહમતિ દર્શાવાઈ હતી. પણ હાલમાં ૧૨ કોરોન્ટાઈન સેન્ટરની યાદી અને તેમાં હાયરીસ્ક ધરાવતા કેટલા દરદીઓને શીફ્ટ કરવામાં આવ્યા છે તથા ત્યાં કેટલી ક્ષમતા છે તે દર્શાવાયેલ છે. આઈસોલેશન માટે એન વોર્ડમાં ૧૦ સ્થળો નક્કી કરાયા છે. ઉલ્લેખનીય છે કે ઘાટકોપરમાં કેસ વધી રહ્યા હોવાથી વધુ સ્થળોએ કોરોન્ટાઈન સેન્ટરો શરૂ કરવામાં આવશે.

# મહામારીમાં માહિતી જ મહત્વનું હથિયાર



તંત્રીસ્થાનેથી
જતીન કોઠારી

ભારતમાં કોરોનાના કેસ સતત વધી રહ્યા છે. મુંબઈ મહારાષ્ટ્ર માં સરકાર વરસાદ સમયે હજુ વધુ કેસ વધશે તે માટે તૈયારીઓ કરી રહી છે. મુંબઈમાં કોરોના પોઝીટીવ કેસ નો અંક ૨૫૦૦૦ ને વટાવી જશે. હોસ્પીટલ માં બેડ ની કમી થી ઘણી તકલીફનો સામનો દર્દીઓને કરવો પડે છે. વધતાં કેસોને પહોંચી વળવા

હાલમાં જ ઘાટકોપરમાં કોરેન્ટાઈન – સંસર્ગ નિષેધ કેન્દ્રો આઇસોલેશન સેન્ટર – અળગાપણું જેવા સેન્ટર શરૂ કરવા પ્રશાસન એ કમર કસી છે. જાહેર જનતાએ આવા કેન્દ્રો નો વિરોધ કરતા હોબાળો મચ્યો હતો. વાત સમજવા જેવી અને સમજાવવા જેવી છે. પરપ્રાંતિય કામગરો ચાલતાં પોતાનાં વતને જવા લાગ્યા. હજારોની સંખ્યામાં ચાલીને જતા ગરીબ કામગાર ને જોઇને અનેકના મોઢા માંથી સહેજ નીકળી જાય સરકાર દ્વારા ટ્રેનની વ્યવસ્થા કરાઈ છે તો પણ ચાલીને કેમ જાય છે. બીજી બાજુ બાંદ્રા સ્ટેશને હજારો લોકો ટ્રેનમાં જવા અચાનક દોડી જાય. તમામ મુદ્દાઓમાં માહિતીનો અભાવ જ મુશ્કેલી ઊભી કરી છે.

ભણેલા લોકો છે માટે તેમણે વિરોધ ના કરવો જોઈએ અને કોરેન્ટાઈન – સંસર્ગ નિષેધ કેન્દ્ર બનાવવા ''હા'' જ પાડવી, તેના સ્થાને યોગ્ય માહિતી નાગરિકોને આપવી અને ત્યારબાદ કોરેન્ટાઈન કેન્દ્ર શરૂ કરવા એવું કરવામાં દરેકનું હિત સચવાયું હોત.કોરોના સે ડરોના કેમ્પેન શરૂ કરવામાં આવ્યું પણ કોરોના જેવા તદ્દન નવા રોગ અને આ મહામારી વિશે કંઈ વસ્તુ થી ડરવું કઈ વસ્તુ થી ના ડરવું તેની પૂરતી માહિતી જ ન આપવામાં આવી. લોક ડાઉન નું પાલન કરવું તે માટે સમજાવવા સાથે જરૂરી મહત્વનાં પરિબળો અંગે ની સમજ આપવામાં આવે. લડાઈ લાંબી છે તે જનતાને ખબર પડી પણ તે લડાઈ લડવા માટે કોરેન્ટાઈન અને આઇસોલેશન સેન્ટર બનાવવા આવશ્યક છે તેની માહિતી આપી તેમને માનવી લેવાને બદલે જે નાગરિકો પોતાની સુરક્ષા મહત્વની છે એવું કહેવા આગળ આવ્યા તેમના વિરુદ્ધ પોલીસ ફરિયાદ કરી દેવાઈ. અહીં રસ્તાં પર જઈ રહેલ મજબૂર ''મઝદૂર'', ભણેલા ગણેલા લોકો જે પ્રાથમિક માહિતી ના હોવાને કારણે વિરોધ કરવા દોડી આવ્યા, ટ્રેન આવવાની છે તેમ ખબર પડતા સ્ટેશન પર દોડી ગયેલ હજારો લોકો તમામ સરખા કહી શકાય. હા, સોશ્યલ ડિસટન્સિંગ દરેક કેસમાં તૂટ્યું પણ ભણેલાં ગણેલા લોકો જે પોતાને કોરોનાથી બચાવવા ચિંતિત થઈ વિરોધ દર્શાવવા આગળ આવ્યા તેઓ ગુનેહગાર ઠર્યા.

અહીં સવાલ છે કે માહિતીના અભાવે કઈ રીતે કોરોના સામે જંગ જીતી શકાશે ? જો મહામારીમાં માહિતી જ હથિયાર છે એવું ગણી લેવામાં આવે તો જનતા માહિતગાર હશે જે પોતે કોરોના યુદ્ધ માં જોડાશે. આ સંકટમાં પણ લોકોને જવાબદારીપૂર્વક જોડીને સાથે લડવા માટે તૈયાર કરવામાં સૌનું ભલું છે.






# દેશમાં લોકડાઉન ૩૧ મે સુધી લંબાવાયું

**કોરોના વાયરસ લોકડાઉન ૪**
**૨૨મેથી મહારાષ્ટ્રમાં શું ખુલ્લું અને શું બંધ રહેશે?**

| પ્રવૃત્તિ | રેડ ઝોન | અન્ય વિસ્તારો | કન્ટેઈનમેન્ટ |
|---|---|---|---|
| પ્રવાસ - હવાઈ, ટ્રેન, મેટ્રો | ના | ના | ના |
| આંતરરાજ્ય રોડ વાહનવ્યવહાર | ના | ના | ના |
| શૈક્ષણિક સંસ્થાઓ, કોચિંગ કલાસિસ | ના | ના | ના |
| હોસ્પિટાલિટી - હોટેલ્સ, મોલ્સ | ના | ના | ના |
| ધાર્મિક સ્થળો અને મોટા જમાવડાઓ | ના | ના | ના |
| દારૂની દુકાનો (વાઈન શોપ્સ) | હા/હોમ ડીલીવરી | હા | ના |
| ૬૫ વર્ષથી મોટા, ૧૦ વર્ષથી નાના, સગર્ભા સ્ત્રીઓનું ઘરથી બહાર | ના | ના | ના |
| ખાનગી દવાખાનાઓ , હોસ્પિટલોના ઓપીડી વિભાગ | હા | હા | ના |
| ટેક્સી, ઓલા-ઉબર જેવી કેબ સર્વિસ | ના | ૧ + ૨ | ના |
| ફોર વ્હીલર | જરૂરી સેવા | ૧ + ૨ | ના |
| ટુ વ્હીલર | જરૂરી સેવા | ૧ | ના |
| બસ દ્વારા આંતર-જિલ્લા પરિવહન કે પ્રવાસ | ના | ના | ના |
| બસ દ્વારા જિલ્લાની અંદર પરિવહન કે પ્રવાસ | ના | હા | |
| માલનો પુરવઠો (ગુડ્સ સપ્લાય) | હા | હા | હા |
| શહેરી ઉદ્યોગો | જરૂરી સેવા | હા | ના |
| ગ્રામ વિસ્તારના ઉદ્યોગો | લાગુ નહી | હા | ના |
| શહેરોમાં બાંધકામ (કામદારો બાંધકામ સાઈટ ઉપર જ રાખીને) | હા | હા | ના |
| અન્ય ખાનગી બાંધકામ સ્થળો | ના | હા | ના |
| શહેરોમાં રહેણાક વિસ્તારની દુકાનો (સ્ટેન્ડઅલોન શોપ્સ) | લિમિટેડ | હા | ના |
| જીવનાવશ્યક વસ્તુઓની દુકાનો | હા | હા | હા |
| ઈ-કોમર્સ (ઓનલાઈન) જરુરી વસ્તુઓનું વેચાણ | હા | હા | ના |
| ઈ-કોમર્સ (ઓનલાઈન) નોન-એસેન્સીઅલ વસ્તુઓનું વેચાણ | હા | હા | ના |
| પ્રાઈવેટ ઓફિસો | ના | હા | ના |
| સરકારી કાર્યાલયો | ૫% મીનીમમ ૧૦ | હા ૧૦૦% | ના |
| ખેતીવાડીને લગતી તમામ પ્રવૃત્તિઓ | ના | હા | ના |
| બેન્કો અને ફાયનાન્સ કંપનીઓ | હા | હા | ના |
| કુરિયર અને ટપાલ સેવા | હા | હા | ના |
| મેડિકલ ઇમર્જન્સીમાં વાહનની હેરફેર | હા | હા | હા |
| હજામ(બાર્બર)ની દુકાનો, સ્પા, સલૂન | ના | ના | ના |
| સ્ટેડીયમ (દર્શકો વિના- ફક્ત ટ્રેનિંગ માટે) | ના | હા | ના |
| રેસ્ટોરેન્ટ દ્વારા હોમ ડીલીવરી | હા | હા | ના |
| સબ રજીસ્ટ્રાર / આરટીઓ / ડેપ્યુટી આરટીઓ | હા | હા | ના |

ઉપરોક્ત માહિતી ફક્ત તરત (ક્વિક) રેફરન્સ માટે છે અને મહારાષ્ટ્ર સરકાર દ્વારા આ સંબંધે તા. ૧૯.૦૫.૨૦૨૦ ના બહાર પડાએલા નોટિફિકેશનમાં દર્શાવ્યા મુજબના નિયમો/માર્ગદર્શનોને આધીન છે

કોરોના વાયરસ સામેના જંગને જારી રાખતાં કેન્દ્ર સરકારે દેશભરમાં લોકડાઉન ૩૧ મે સુધી લંબાવ્યું છે. આ લોકડાઉન ૪.૦માં વધારાની કઈ છૂટછાટ આપી છે અને કયા નિયંત્રણો ચાલુ રહેશે એ માટે એક ગાઈડલાઈન પણ જાહેર કરી છે. મુખ્યત્વે આ લોકડાઉન દરમ્યાન સ્કૂલ, કોલેજો, જીમ્નેશિયમ, લોકલ ટ્રેન, મેટ્રો, મોલ, સ્વિમિંગ પૂલ, ધાર્મિક સ્થળો, થીયેટર જેવા બધા જ જાહેર સ્થળો ૩૧ મે સુધી બંધ રહેશે. એ સિવાય કોઈ પણ રાજકીય કે સામાજિક કાર્યક્રમો યોજી નહીં શકાય. જો કે રેસ્ટોરાં ફક્ત હોમ-ડિલીવરી માટે ખુલ્લી રાખી શકાશે. સ્પોર્ટ્સ સ્ટેડીયમને ખોલવાની

અનુસંધાન ૧૪ મા પાને


**ગેલેક્સી ટ્રાવેલ્સ**
GALAXY TRAVELS RENT A CARS N BUSES
કાર અને બસો ભાડેથી
મુંબઈ-બરોડા-અમદાવાદ-કચ્છ-રાજસ્થાન

| | | | |
|---|---|---|---|
| ઈનોવા ક્રિસ્ટા | @ ૧૪/- | ૧૪ સીટર એસી | @ ૧૮/- |
| ઈનોવા એસી | @ ૧૨/- | ૧૭ સીટર એસી | @ ૨૦/- |
| અર્ટીગા એસી | @ ૧૧/- | ૨૦ સીટર એસી | @ ૨૨/- |
| ઝાયલો એસી | @ ૧૨/- | ૨૯ સીટર એસી | @ ૩૪/- |
| સ્વીફ્ટ ડિઝાયર | @ ૧૦/- | ૩૬ સીટર એસી | @ ૩૮/- |
| હ્યુન્ડાઈ એસેન્ટ | @ ૧૦/- | ૪૫ સીટર એસી | @ ૪૨/- |
| ટોયોટા ઈટીઓસ | @ ૧૦/- | ૪૯ સીટર એસી | @ ૪૨/- |
| | | ૩૬ સીટર એસી | @ ૫૦/- |

વેનેટી વેન ઉપલબ્ધ છે: લગ્ન / શુટીંગ / ઈવેંટ શો માટે

• લગ્ન પ્રસંગ • લોકલ આઉટસ્ટેશન, પિકઅપ - ડ્રોપ, પિકનીક માટે બધીજ ન્યું બ્રાન્ડ કાર્સ અને બસો મળશે • મહારાષ્ટ્ર, ગુજરાત અને રાજસ્થાન માટે વન વે કેબ્સ • ગાડી અને બસો ભાડે મળશે • ડેઈલી બસ સર્વિસ : મુંબઈથી ગાંધીધામ, ભુજ, રાજકોટ, જુનાગઢ, ભાવનગર, પાલિતાણા, અમરેલી, મહુવા.• એસી અને નોન એસી સ્લિપર કોચ.

**Covid 19 Special Service**
• With All Cars N Buses Sentizieds • For Guests Mask And Sentizers • Drivers With Medical Certificate • At Very Reasonable Rates

બુકિંગ માટે મુંબઈ : 9920495511 / 7387299117
Toll Free : 18002672131 022-49706001 / 49742126

# રીયલ એસ્ટેટનાં ઘાટકોપરનાં જાણીતા આગેવાનો સાથે કોરોના દરમ્યાન અને કોરોના પછી રીયલ એસ્ટેટ ક્ષેત્ર પર અસર અંગે વિશેષ ચર્ચા-મુલાકાતનાં અંશો..

જતીન કોઠારી

## ઈન્વેસ્ટમેન્ટ માટે રીયલ એસ્ટેટ જ પ્રથમ પસંદગી બની રહેશે, લોકડાઉનમાં લોકોએ અનુભવ્યું પોતાનું ઘર હોવું તે સુખદ અનુભવ

**કોરોના સંકટ વિશ્વમાં ફેલાયો છે. ત્યારે લોકોને ઘરે રહેવા સલાહ આપવામાં આવી. લોકડાઉન દરમ્યાન જેઓને પોતાનું ઘર હતું તેઓએ પોતે સૌથી વધુ 'સેફ' હોવાનું અનુભવ્યું. પણ જે લોકો ઘરથી દૂર હતા તેઓ ઘરે જવાં માટે મથામણ કરતાં દેખાયાં હતા. રીયલ એસ્ટેટ ક્ષેત્રની વાત કરીએ તો નોટબંદી અને જીએસટી બાદ મુંબઈમાં રીયલ એસ્ટેટમાં થોડી અસર જોવા મળી હતી.**

**લોકો પાસે ઈનવેસ્ટમેન્ટ માટે ઘણાં ઓપશ્ન સામે આવ્યાં છે. તે છતાં રીયલ એસ્ટેટ હંમેશા માટે બેસ્ટ ઓપ્શન સાબિત થયું છે. કોરોના લોકડાઉનમાં સૌથી વધુ માર આ ક્ષેત્રને પડી છે અને લોકડાઉન બાદ પણ રીયલ એસ્ટેટ ફરી પાછું ધમધમતું થતાં કેટલો સમય લાગશે જેવાં વિવિધ પશ્નો અંગે ચર્ચા ઘાટકોપરનાં અમુક અગ્રણી રિયલ એસ્ટેટ આગેવાનો સાથે વોઈસ ઓફ ઘાટકોપર દ્વારા કરવામાં આવી હતી.**







**મનોજ અજમેરા (મેનેજીંગ ડાયરેકટર-અજમેરા ગ્રુપ):** કોરોના મહામારીએ એટલું તો નિશ્ચિત કરી દીધું છે કે પોતાનું ઘર હોવું જરૂરી છે. પોતાનું ઘર જેઓ પાસે નથી તેઓ આવનારા સમયમાં જરૂર ઘર લેવાં આગળ આવશે. હાલમાં લોકડાઉન છે પણ લોકડાઉન ખુલ્યાં બાદ ડિમાન્ડ નીકળશે અને તે સમયે સપ્લાય શોર્ટેજ હશે. જે પ્રોજેક્ટ રેડી પઝેશન અથવા નીયર કમ્પ્લીશન છે તે જલ્દી વેચાશે. મુંબઈમાં કે મુંબઈની આસપાસ રીયલ એસ્ટેટના ભાવો ઘટવાની કોઈ શક્યતાઓ દેખાતા નથી. આ સિવાય હાલમાં જે વર્કરો મુંબઈ છોડીને ગયા છે તેની અસર ટૂંક સમય માટે જોવા મળશે. દરેક બિલ્ડરોએ કામગારોને આ સંકટમાં સાચવી રાખેલ પણ ડરનો માહોલ હોવાથી તેઓ પોતાનાં વતને ગયેલ છે. આ બધી સમસ્યાઓ ટેમ્પરરી છે પરમનન્ટ નથી. રીયલ એસ્ટેટ ક્ષેત્રમાં નાની-નાની તકલીફો બાદ કરતાં કોરોના બાદ પણ કોઈ વધુ મુશ્કેલીઓ દેખાતી નથી માટે ભાવિ ઉજળું છે.



**મૌલિક દવે (પી.જીડી સ્કાયલાઈન ગ્રુપ ડાયરેક્ટર) :** દરેક ક્ષેત્રમાં એ જ ચર્ચા છે કે કોરોના પછી શું થશે? રિયલ એસ્ટેટ ઈન્ડસ્ટ્રી પોઝીટીવ છે. લોકોને ઘરને લઈને જે અનુભવ લોકડાઉનમાં થયો છે. તે રીયલ એસ્ટેટમાં લોકોમાં રોકાણની ભાવનાને અને જનરેશન-ટુ-જનરેશન લોન્ગ ટર્મ બેનીફીટ માટે વધુ મજબુત વિશ્વાસ નિર્માણ કરે છે. મુંબઈ ભારતના અન્ય ક્ષેત્રો કરતાં અલગ છે. અહીં લોકોમાં પ્રોપર્ટી પ્રત્યે આકર્ષણ છે. પછી તે કમર્શિલ હોય કે રેસીડેન્યલ. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા અફોર્ડેબલ હાઉસિંગ સંદર્ભે અનેક જાહેરાતો કરાઈ છે. હાલમાં રીયલ એસ્ટેટ માટે કોઈ ખાસ પેકેજ કે સવલતો જાહેર કરાયાં નથી. પણ આવનારા સમયમાં જરૂર જાહેરાતો કરવામાં આવશે જે ઈન્ડસ્ટ્રી માટે સારા સમાચાર હશે. આ ઉપરાંત આયટી અને જીએસટી તથા સ્ટેમ્પ ડ્યુટી વગેરેમાં પણ સવલતો આપવી જોઈએ જે હવેનાં સમયની માંગ છે.



**જયેશ શાહ (દામજી શામજી શાહ ગ્રુપ):** કોરોના સંકટ-આ પરિસ્થિતિ જરૂર ગંભીર છે. પણ ટૂંકા ગાળા માટે છે તે લાંબી ચાલશે તેવું લાગતું નથી. હાલમાં ઘણા વેબિનાર થયાં છે. તેમાં આ ઈન્ડસ્ટ્રી માટે ઘણાં મિક્સ રિએક્શન છે. જે જગ્યાએ રેડ ઝોન નથી ત્યાં કામ કરવાની પરમિશન મળે છે. જે લોકલ લેવલનાં લેબર છે. એ જ કામ કરી રહ્યાં છે. લેબરની સ્થિતિ હવે કોરોના બાદ જ ખબર પડશે. રિયલ એસ્ટેટ સેક્ટર પાસેથી સરકારને પણ રેવેન્યુ મળે છે. માટે સરકાર પણ જરૂરથી આ સેક્ટર માટે વિચારશે આ સેક્ટરને પ્રોત્સાહન આપવા રેડી રેકનરનાં તથા સ્ટેમ્પ ડ્યુટી ઘટાડવાની જરૂર છે. હાલમાં જે પેકેજ જાહેર કર્યું છે. તેમાં ટુ ટાયર તથા થ્રિ ટાયર સીટી વિશે વધારે ભાર અપાયો છે. ટૂંકમાં રીયલ એસ્ટેટ સેક્ટરમાં ડિમાન્ડ આવતાં વાર લાગશે પણ વધુ મોટી નકારાત્મકતાનાં કોઈ એંધાણ નથી.



**પ્રકાશ કામદાર (એસ્ટેટ કન્સલટન્ટ):** રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં ફરી બધુ નોર્મલ થતાં થોડો સમય લાગી શકે છે. ઘર માટેનો લોકોનો મોહ ઓછો થયો નથી અને થશે પણ નહીં. ઘર દરેકનાં જીવનનો મહત્વનો ભાગ છે. કોરોનાને લીધે ગ્રાહકો પણ હવે ભાડાંનાં ઘરની જગ્યાએ પોતાનાં મકાન-ઘર લેવાંનો વિચાર કરી રહ્યાં છે. મોટાં નામાંકિત બિલ્ડરોના તથા રેડી પઝેશન ફ્લેટ્સ જલ્દી વેંચાશે. લોકો ફ્લેટ લેવા પ્રેરાય તે માટે પણ સ્ટેમ્પ ડ્યુટી વગેરેમાં ફાયદો આપવો જોઈએ.



**ધીરેન ઠક્કર (ઘાટકોપર એસ્ટેટ એજન્સી):** કોરોના વાયરસના લોકડાઉનને લીધે પ્રોપર્ટી ઈન્વેસ્ટમેન્ટ વધશે. તે નક્કી છે. આ સિવાય જેમને પૈસાની જરૂર હશે તે જગ્યાઓ વેંચશે તો મોટાં ફ્લેટમાં ભાડે રહેતાં લોકો નાનાં ફ્લેટમાં ભાડે રહેવા જઈ શકે. વર્ષ ૨૦૦૮માં પણ માર્કેટ ક્રેશ થઈ હતી તે પછી પણ ધીરે ધીરે રીયલ એસ્ટેટમાં સુધારો જોવા મળ્યો હતો. હવે અનુભવથી સર્જન કરવાનું છે અને તે રીતે કરનાર જ સરવાઈવ થઈ શકશે.




# ટ્રાવેલ એન્ડ ટુરીઝમ સ્પેશ્યલ

# વિદેશ પ્રવાસ નોર્મલ રીતે શરૂ થતાં સમય લાગશે પણ અત્યારથી લોકો ભારત પ્રવાસ માટે ઉત્સાહી

**એપ્રિલ થી જૂન માસના બીજા સપ્તાહનો સમય એટલે શાળા – કોલેજમાં વેકેશનની મોસમ. ઉનાળાના વેકેશનમાં ક્યાંય પણ બહાર ફરવા જાવ તમને કોઈ ને કોઈ ગુજરાતી તો જોવા જ મળે પરંતુ આ વખતે કોરોના વાઈરસના કેરને પગલે કોઈ વ્યક્તિ પોતાના જ શહેરમાં અન્ય કોઈ વિસ્તારમાં જઈ શકતો નથી તો અન્ય ક્યાંય ફરવા જવાનું તો વિચારી પણ શકાય નહિ. ઉનાળુ વેકેશનમાં આ વખતે બહાર ફરવા જવાનું ઠપ થઈ જતાં તેની અસર ટુરિઝમ સેકટર પર પડી છે.**

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આત્મનિર્ભર ભારતની વિચારધારા વહેતી કરતા સૌથી વધુ પોઝીટીવિટી ટ્રાવેલ ટુરિઝમ સાથે સંકળાયેલા બિઝનેસમેન માં જોવા મળી હતી. હાલની સરકાર પહેલેથી જ ભારત ના ટુરિઝમ ક્ષેત્રને વિકસાવવા માં ઉત્સાહી હોવાથી અને લોકોમાં પણ ભારત પ્રવાસ માટે ઉત્સાહ હમણાં થી જ જોવા મળી રહ્યો હોવાથી કોરોના સંકટ બાદ લોકો જરૂર ફરવા નીકળશે તેવી ધારણાં છે જે માટે વિદેશ જવા કરતાં ભારત પ્રવાસ વધુ પ્રિફર કરશે. વોઈસ ઓફ ઘાટકોપર દ્વારા આ ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા લોકો ના ઈન્ટરવ્યુ લેવામાં આવ્યાં હતાં જેમાં તેઓએ ૨૦ લાખ કરોડ ના પેકેજ માં હોટેલ અને ટુરિઝમ ઈન્ડસ્ટ્રી ને હાલમાં ભલે પ્રાધાન્ય આપવામાં નથી આવ્યું પણ ટૂંક સમયમાં જરૂરથી આ સેકટર માટે પણ સરકાર દ્વારા જાહેરાતો કરવામાં આવશે તેવી વાત કહી હતી.**



**હિતેશ ભેદા (જેમ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ):**

ફક્ત ટ્રાવેલ જ નહિ દરેક ઈન્ડસ્ટ્રી માટે હવે નવેસરથી નહિ પણ અનુભવથી બિઝનેસ શરૂ કરવાનો સમય છે. લોકડાઉન ખુલશે એટલે બીઝનેસ ટુર માં બહારગામ જનારા લોકો ઘણાં હશે. હાલમાં ઇન્ડસ્ટ્રી સૌથી વધુ ભોગવી રહી છે. સરકાર તરફથી હાલમાં ટ્રાવેલ ઇન્ડસ્ટ્રી માટે કોઈ ખાસ જાહેરાત નથી, તો આગામી સમયમાં જરૂર થી આત્મ નિર્ભર ભારત હેઠળ જે જાહેરાતો કરવામાં આવી તેમાં વિશેષ સવલતો જાહેર થવી જોઈએ તેવી આશા છે. ટીસીએસ દ્વારા ૫% ટુરિઝમ સરચાર્જ શરૂ કરાયો છે ,ભલે તે પછીથી પાછો અપાય છે પણ હાલમાં કોઈ ટેક્સ વધારવો ના જોઈએ. આ સિવાય ભારત પ્રવાસ માટે આવનાર લોકોમાં વધારો જોવા મળશે. દરેક દેશ પાસે કંઈ ને કંઈ ખાસિયતો હોય છે પણ ભારત પાસે દરેક વિશેષતાઓ છે જેને લીધે ટુરિઝમ નો ભરપુર સ્કોપ અને પોટેંશિલ છે.




**ફોરમ શાહ : (ફોરમ વર્લ્ડવાઈડ હોસ્પિટાલીટી)**

દર વર્ષે સમર વેકેશનમાં ફરવા જનારા લોકોએ પ્રી - પ્લાન કરીને બુકિંગ કરાવી લીધું હતું પણ લોકડાઉન ને લીધે ટુરો કેન્સલ થઇ ત્યારે તેમના પોઝીટીવ અપ્રોચ નો અનુભવ થયો, તેઓએ અમને કહ્યું અમારા પૈસા તમારી પાસે સેફ છે, ટુર શરૂ થાય એટલે અમને ટુર માં જવું છે. લોકો પાસે પૈસા હોવા છતાં અનેક લોકોએ જાન ગુમાવ્યા અમારે ફરીને આનંદ માણવો છે જેથી અફસોસ ના રહી જાય. આવો પોઝીટીવ અપ્રોચ જોવા મળ્યો છે. અમુક કેન્સરગ્રસ્ત વડિલો ની છેલ્લી ઈચ્છા વિદેશ ટુર કરવાની છે આવા વડીલો માટે તેમના સંતાનો પણ તેમની ઈચ્છા પૂરી કરવા ૨૦૨૦ના અંત સુધી રાહ જોવા તૈયાર છે. ફ્લાઇટ ક્યારે શરૂ થશે તે ખબર નથી પણ ફરવા માટે લોકોમાં પોઝીટીવ અપ્રોચ અમને એનર્જી આપે છે.



**સુશીલ કોઠારી (જેમિની ટ્રાવેલ્સ)**

લોકડાઉન ને લીધે લોકો માનસિક રીતે થાક્યા છે. કોરોના નો કેર ઘટશે એટલે લોકો ફરવા નીકળશે. ઇન્ડિયા ટુરિઝમ ને જરૂર વેગ મળશે. દિવાળી બાદ કદાચ ઇન્ટરનેશનલ ટુર ફરી ટ્રેન્ડિંગ થશે. અને વિશ્વમાં દરેક ક્ષેત્રમાં લોકો કોરોનાની રસી આવશે તેવી આશા રાખી રહ્યા છે. ૨૦૨૧ ના પ્રથમ ૩ માસ સુધી નોર્મલ માહોલ જોવા રાહ જોવી પડશે. આગળ જતાં ભારતમાં જ ફાઈવ સ્ટાર હોટેલ પેકેજ પણ ચાલશે. અત્યારથી અમુક લોકો તેના માટે ઇન્કવાયરી કરી રહ્યા છે.



**અમિત શાહ (એમ્પલ હોલીડેઝ)**

અમારા અમુક ક્લાએન્ટ્સ એવા છે જે લોકડાઉન ખુલવાની રાહ જોઈને જ બેઠા છે. આવાં લોકો ફરવાનાં શોખીનો હોય છે તેઓને લોક કરવા મુશ્કેલ હોય છે. કોરોનાને લીધે લોકો પ્રવાસ કરવાનું ટાળી રહ્યા છે પણ ડોમેસ્ટિક ટુર્સ ભરપુર ડિમાન્ડ માં રેહશે. કોરોના ને લીધે સેનીટાયઝેશન, માસ્ક પહેરવું, સોશ્યલ ડિસ્ટન્સ રાખવું દરેક ટુર માં ફરજિયાત થશે. ટૂંકમાં કહીએ તો કોવિડ ને લીધે સૌથી વધુ ટુરિઝમ ને તકલીફ થશે પણ તેમાંથી બહાર પણ આવશે આ ઇન્ડસ્ટ્રી.



**ઉદય માણેક (જલારામ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ)**


હું છેલ્લાં ૧૫ વર્ષથી આ ઇન્ડસ્ટ્રી સાથે સંકળાયેલો છું. મને લાગે છે કોરોના સંકટ માં સૌથી વધુ માર આ બિઝનેસ સાથે સંકળાયેલા લોકો ને

# ટ્રાવેલ એન્ડ ટુરીઝમ સ્પેશ્યલ




# આત્મનિર્ભર ભારતની વિચારધારા ધરાવતા લોકો ભારત પ્રવાસને પ્રાધાન્ય આપે તો પણ ટ્રાવેલ ઈન્ડસ્ટ્રીને ઘણો ફાયદો થાય

પડ્યો છે. હાલમાં એરલાઈન્સ પાસે રિફંડ ક્લેમ કરવા, ક્રેડિટ નોટ માટે ફાઇટ કરવી પડે છે. ઘણાં લોકો ને એરલાઈન્સ તરફથી તકલીફ છે. મોટી ગ્રુપ ટુર શરૂ થવાની શકયતા હમણાં નથી લાગતી. લોકડાઉન પછી પણ લોકો પોતાના પરિવાર સાથે જવા માટે પ્રાથમિકતા આપશે.



**સુરેશ દોશી (ક્લાસિક હોલીડેઝ) :**

કોરોના સંકટને લીધે ટુરીસમ ઇન્ડસ્ટ્રી સદંતર બંધ છે. હજુ ૩ મહિના પછી ડોમેસ્ટિક ટુર્સ સ્ટાર્ટ થશે. વેકેશન સીઝન પૂર્ણ રીતે વોશ આઉટ થઇ ગઇ છે. ૨૦૨૧ માં સંપૂર્ણ રીતે ફૂલ ફ્લેજ ઇન્ડસ્ટ્રી શરૂ થશે. દિવાળી સમયે ઘણો ફરક પડશે. હમણાં લોકડાઉન જાહેર થતા ઘણી ટુર્સ માટે ઘણાં લોકોએ આગામી સમય માટે વધારો લીધેલ છે. વર્લ્ડ જ્યાં જ્યાં કેસ આવ્યા છે ત્યાં ત્યાં લોકો જવાનું ટાળશે પણ જ્યાં વધારે કોરોના કેસ જોવા નથી મળ્યા ત્યાં જવા માટે લોકો પ્રીફર કરશે તેવું લાગી રહ્યું છે.



**તુષાર સોલંકી (ગાયત્રી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ):**

વિશ્વ માં જે રીતે કોરોના સંકટ વ્યાપક બની રહ્યું છે તે ઘણી તકલીફ ભવિષ્યમાં મૂકતો જશે. આ સંજોગોમાં પણ લોકો તરત ટુરિઝમ તરફ વળે તે કહેવું મુશ્કેલ છે. આ સિવાય ભારતમાં ફરવાનાં ઘણાં કારણ લોકોને લોકડાઉન દરમ્યાન એક્સપ્લોર કરવા મળ્યાં છે. ભારત વિવિધતાઓ થી ભરેલો દેશ છે માટે લોકોને ભારતમાં ફરવા માટે વાળવા પણ આ ઇન્ડસ્ટ્રી ના લોકો માટે સહેલું છે.



**પ્રકાશ દાણી : (ગાઈડલાઈન ટ્રાવેલ્સ)**

દરેક ટ્રાવેલ એજન્સી નું કામ છે કે ફરવા જવા ઈચ્છતા હોય તેવા સહેલાણીઓ માટે બેસ્ટ ટુર પ્લાન કરે. હરવું ફરવું વિશ્વ જોવું તે એક લક્સરી છે તેમાં કોઈ બેમત નથી. સરકાર પાસેથી આ ઇન્ડસ્ટ્રી માટે વધુ અપેક્ષા રાખવી જોઈએ નહિ કારણ હાલમાં ગરીબ અને જરૂરિયાતમંદો માટે સહાયરૂપ થવામાં તેઓ વ્યસ્ત છે. પણ આ એક મોટી ઇન્ડસ્ટ્રી છે જેના માટે જરૂર વિશેષ જાહેરાતો આવશે અને તેમાં સહેલાણી ઓ ભારત આવે તેવાં પગલાં લેવામાં આવશે. લોકો ફરવા નીકળશે તેવી સ્થિતિ સર્જાઈ છે જ, હમણાં થી જ લોકો આવતાં વર્ષમાં ફરવા જવાનાં સ્થળો વિશે માહિતી મેળવી રહ્યા છે જે એક સારા સમાચાર છે.

**કીર્તિભાઈ છેડા (ગેલેક્સી ટ્રાવેલ્સ)**

ટ્રાવેલ્સ એજન્સીઓમાં અલગ અલગ લોકો કાર્યરત છે. અમે કાર અને બસ ભાડેથી આપીએ છીએ. લોકડાઉન દરમ્યાન મુંબઈ બરોડા અમદાવાદ કચ્છ વગેરે વિસ્તારોમાં અમારી સેવાઓ કાર્યરત છે. હાલમાં પ્રસંગ ઓછા હોવાથી તેને રિલેટેડ કામ ઓછું છે પણ લોકડાઉન ને લીધે એક થી બીજી જગ્યાએ ખાસ કરીને જ્યાં જ્યાં સરકારની પરવાનગી છે તે સ્થળે બુકિંગમાં કોઈ ફરક પડ્યો નથી. જેમ જેમ લોકડાઉન ખુલશે અને કોરોના સંકટ ઓછો થતો જશે એમ ટ્રાવેલ ઇન્ડસ્ટ્રી પણ પૂર્વવત્ થશે. હાલમાં સીઝન માં દરેકને નુકશાની વેઠવી પડી છે. ગુજરાતના ઘણા ભાગોમાં લોકડાઉન ખુલ્યા બાદ જે રીતે માંગ આવી છે તે જ રીતે ભારતમાં અન્ય સ્થળોએ પણ લોકડાઉન ખુલતાની સાથે ટ્રાવેલ ક્ષેત્ર પુર્વવત થશે.



**તેજસ શાહ (પૂર્વા ટ્રાવેલ્સ)**

કોરોના ૧૯ અને લોકડાઉનના કારણે અમને ખૂબ જ લોસ થયું છે. સૌ પ્રથમ તો હું તમને જણાવી દઉં કે પૂર્વા હોલિડેઝ ડેસ્ટીનેશનનું પેકેજ એર ટિકીટ સાથે સેલ કરે છે અને અત્યારે અમને એરલાઈન તરફથી કોઈ રિફન્ડ નથી મળી રહ્યું. તેઓ અમને રિફન્ડ ક્રેડિટ સેલ પર આપે છે. એટલે કે અમને રિફન્ડ બેન્કમાં નહીં મળે પણ અમારે કમ્પલ્સરી એક વર્ષની અંદર એર ટિકીટ જ ઈસ્યુ કરવી પડશે. અને હોટલ વાલા પણ ક્રેડિટ નોટ જ ઈસ્યું કરી રહ્યા છે. એટલે અત્યારે કંપનીએ કસ્ટમરને કોઈ જ કમીટમેન્ટે નથી કરવું અને બધાને સપ્ટેમ્બર એન્ડ સુધી વેઈટ કરવા કહ્યું છે. અમે બધુ પરિસ્થિતિનું નિરિક્ષણ કરીને પછી નિર્ણય લેવું કે અમારે ક્રેડિટ નોટ આપવી કે રિફન્ડ આપવું. પૂર્વા હોલિડેઝ ખૂબ જ લિમીટેડ અને સીલેક્ટેડ ડેસ્ટીમેશનનું બુકિંગ કરે છે. ડોમેસ્ટીકમાં લેહ-લડાક અને આંદામાન નીકોબારનું અને ઈન્ટરનેશ્નલ શ્રીલંકા અને દુબઈનું પૂર્વા હોલીડેઝ પાસે વધારે કરીને ગુજરાતી કચ્છી અને મારવાડી જૈન સમાજનો બહુ વિશાળ સમૃદ્ધ વર્ગ છે. કારણ કે પૂર્વા હોલીડેઝ ફક્ત વેજ અને જૈન મેનુ જ ભોજનમાં પીરસે છે અને એજ ખાસિયત છે.


હું મારા દેશના લોકોને એખ મંત્ર આફવા માંગુ છે.

ઓનલાઈન નહીં ઓફલાઈન

ટ્રાવેલ ઈન્ડસ્ટ્રીમાં તો લોકોને અત્યારે ખૂબ કડવો અનભવ ઓનલાઈન ટ્રાવેલ કંપનીઓ સાથે થયો છે અને લોકલ એજન્ટ જ એમની તકલીફમાં ઊભી રહી છે. તો આજે લોકલ દુકાનકારથી લઈને લોકલ ટ્રાવેલ એજન્ટ સુધી દરેક ક્ષેત્રના લોકોને તમારાથી ઊમેદ છે કે આવનારા સમયમાં તમે ઓનલાઈન બુકિંગ કે ઓનલાઈન વસ્તુઓ ખરીદશો.

# કોરોના ની સાથે જીવતા શીખવું પડશે!!

**ચંદ્રેશ પારેખની કલમે....**



કોણે ધાર્યું હતું આવો સમય આવશે સાવ અણધાર્યો, અને દુનિયા ઉપર ઓચિંતો નો દુનિયાભરમાં સન્નાટો છવાઈ જશે. ના રસ્તા પર કોઈ હોર્ન ના ઘોંઘાટો , ના માણસો ની બુમાબુમમ... જો કે માણસ જાત સિવાય પશુ ને પક્ષીઓ ખુશ છે.તેથી આ બધા વચ્ચે કોયલ અને ચકલી કર્ણપ્રિય અવાજ ચોખ્ખો સાંભળવા મળે છે. દરિયાના મોજા નો અવાજ વધારે મધુર લાગે છે. અફસોસ આ બધા વચ્ચે કુદરતે માણસ માણસ વચ્ચે નું અંતર વધારી દીધું છે. આખી દુનિયા લાચારથી આ વાઇરસ સામે ઝૂકી ગઈ છે. હું કંઈક છું તેવી બડાસ હાંકનાર માણસ ઘરના એક ખૂણામાં લપાઈને બેસી ગયો છે. આ અજાણ્યા વાયરસ એ માણસ જાત ઉપર કાળો કેર વર્તાવી દીધો અને માણસજાતને નમાલી બનાવી દીધીમ આપણે ઘણીવાર કહીએ છીએ કે કુદરતની લાઠીમાં અવાજ નથી હોતો તો શું આ છે કુદરતી લાઠી નો અવાઝ છે??અમેરિકા જેવો મહાબળવાન દેશ પણ આ વાઇરસ તમે સાવ કંગાળ થઈ ગયો. અને બીજા દેશો પાસે મદદની આજીજી કરી રહ્યો છે. આમ જોવા જઈએ તો મંદિર અને મસ્જિદ બનાવવા પાવરધો માણસ ઈશ્વરની સાચી ભક્તિ ક્યારે કર્યો કરી શક્યો, નહી ના ઈશ્વરની શક્તિને ઓળખી શક્યોમ કુદરતી બાંધેલી મર્યાદાને તોડતો ગયો કુદરતે બનાવેલી આ સુંદર સૃષ્ટિને મલિન કરતો ગયો, છતાં દયાળુ કુદરતે ધરતીકંપ તથા સુનામી જેવા નાના પરિબળથી શિક્ષા કરી ચેતવણી આપતો રહ્યોમ માણસ પોતાના અહંકાર માં અંધ બનીને કુદરતની ચેતવણીને અવગણી પોતાના ગુનાહિત કાર્યોને ચાલુ રાખ્યા અને તેથી જ કુદરતે આ વાઇરસ જેવી મહામારીને મોકલીને માણસજાતને મોટી સજા કરી. પોતાના ખોટા કર્મના પાપે ઈશ્વરે પોતાની શક્તિ નો પરિચય માણસજાતને બતાવવો પડ્યો અને હાલ ભોગવી રહ્યો છે.

ભારત ની પરિસ્થિતી કૈક અલગ છે. કેન્દ્ર અને રાજ્યો વચ્ચે તાલમેળો અભાવ છે. આવી હાલતમાં પ્રજા બે ભાગમાં વહેંચાઇ ગઇ છે એક સરકારની ટીકા કરે છે અને એક પ્રકારની ભક્તિ કરે કરે છે સરકાર પણ મૂંઝવણમાં છે વૈશ્વિક મહા મારી માં નાની મોટી ભૂલ થાય તે સ્વભાવિક છે તેથી સરકારી અને વિરોધ પક્ષોએ પણ એક થઈને માનવતાના કાર્યમાં સાથ સહકાર આપવો જોઈએ આ સમયે રાજનીતિ કરવાનું નથી પણ સંકટ કેમ ટળે એ જોવાનું છેમ વાયરસ બધાને ખુમારી ઉતારી નાખી છે. અહંકાર ને ચકનાચૂર કરી નાખ્યો છે મહેલમાં રહેતો અમીર અને રસ્તાનો મજૂર બંનેની હાલત એક થઈ ગઈ છે.

તમારી પાસે બ્રાન્ડેડ કપડા મોંઘા મોંઘા ઘડિયાળો મોટી કારો જાત જાતના પર્ફ્યુમ આ બધી જ વસ્તુઓ હતી પણ એ ઇશ્વરનો અહેસાસ તમારી પાસે નહોતો અને ઈશ્વરને ઓળખવા માં તમે થાપ ખાઈ ગયા ખરું ને ? કુદરત છે એવું કાય સમજાય છે તમને? અને હજી પણ ન સમજાયું હોય વિચારો તમારી મોંઘી કારો ગેરેજમાં ધૂળ ખાય છે. તમારા લાખો રૂપિયા બેંકોમાં વાપર્યા વગરના એમનામ પડ્યા છેમ તમારી બ્રાન્ડેડ ઘડિયાળ અને ડિઝાઈનર કપડાં ઓ અલમારી મા સડી રહ્યા છેમ છેલ્લા બે મહિનાથી તમે ચાલુ લઘરવઘર કપડાં માં ફરી રહ્યા છે તમારી પત્ની ની લાખો રૂપિયાની સાડીઓ અને બેંકમાં દાગીનાઓ પણ ધૂળ ખાતા હશે. આજે તમારી પાસે નથી ડ્રાઇવર કે નથી કામવાળા!! ઓફિસમાં ૫૦૦ માણસો ઉપર રોફ જમાવતો શેઠ પણ આજે ડ્રાઈવર ને કામવાળો બની ગયો છે પાણીનો ગ્લાસ પણ જે ભરવા રસોડામાં નહોતો જોતો ત્યાં આજે વાસણ ધોતો થઈ ગયો છે. આ બધું તમને યાદ રહેશે કેમ ભૂલી જશો? વાઇરસ કાયમ નથી રહેવાનોમ પરિસ્થિતિ પણ સામાન્ય થઇ જશે. પણ આ વેદના એકલતા વાળો હજ્ઞસમજ્ઞક્ષ ભૂલવા જેવો નથી પણ તેમાંથી બોધપાઠ લઈને આગળની જિંદગી જીવવાની છે.વાયરસ લોકનો જિંદગી ને કંગાળ બનાવી દીધી છે આર્થિક સ્થિતિ દેશ કંગાળ બની ગયો છે આજે પરિસ્થિતિ લાંબો સમય ચાલશે તો અનેક માણસો ના જીવ લેશે એટલે આ સમયમાં શાસક પક્ષ અને વિરોધ પક્ષ અને લોકોએ પણ નાત-જાત અને ધર્મના વાડા થી ઉપર જઈ સામૂહિક લડત આપવી પડશેમ ૧૩૦ કરોડની આબાદી વાળો આ દેશ માં અનેક સળગતા પ્રશ્નો છે તેથી રાજ્યની સરકાર અને કેન્દ્ર સરકાર બંને તાલમેલ મિલાવી એક થઈને કામ કરવું પડશે સાવધાની પૂરતો હજ્ઞભસમજ્ઞક્ષ ઠીક હતો પણ કાયમ લોક ડાઉન ચાલે એમ નથી કોરોનાવાયરસ હજી ઓળખાયો નથી. નથી તેની રસી બની અને આ પરિસ્થિતિનો ક્યારેય અંત આવશે તેની પણ ખબર નથીમ માણસે કોરોના સાથે જીવવું પડશે રોજ કમાઈને ખાનાર માણસ ક્યાં સુધી ટકી

રહેશે ?આવા લોકો એક રૂમમાં ચારથી પાંચ જણા રહેતા હોય છે તેથી સોશ્યલ મશતફિંક્ષભય જાળવવો ખૂબ જ કપરું છેહજ્ઞભસમજ્ઞક્ષ ના કારણે વેપાર-ધંધા બંધ થઈ ગયા છે મજૂરો કામ વગરના થઈ ગયા છે અને ભૂખે મરે છે મોટા ભાગના મજુરો પોતાના વતન તરફ પલાયન થઈ રહ્યા છે આવનારા સમયમાં મજુરો વગર કામ ધંધો કેવી રીતે ચાલુ થશે તે એક મોટો પ્રશ્ન બનશેમ બેરોજગારીનો પ્રશ્ન કેન્દ્ર અને રાજ્ય સરકાર બંને સતાવશે અત્યારના કડવા અનુભવ પછી મજૂરને પાછા લાવવા માટે તેમને પ્રોત્સાહિત કરવા પડશેમ એક ઉદ્યોગપતિ ના કહેવા પ્રમાણે ભારતની ૧૩ કરોડ વસતિ હજ્ઞભસમજ્ઞક્ષ બેરોજગાર થઇ જશે અર્થતંત્ર ગાડી ધીરે ધીરે પાટે ચડાવી પડશે બે મહિનાના બંધને કારણે આર્થિક સ્થિતિને જબરજસ્ત ફટકો પડયો છે સરકારે આર્થિક પેકેજની ઘોષણા કરી છે પણ આની અસર ત્યારે જ પડશે જ્યારે સંપૂર્ણ નિયંત્રણો ઉઠાવી લેવામાં આવશે અત્યારે તો કોરોના કારણે ધંધા વ્યાપાર અને નોકરીઓ ઠપ થઇ ગયા છે સરકાર અને સામાજિક સંસ્થાઓ ગરીબોને મદદ કરીને જીવાડી રહી છે હવે સરકારના બજેટ પણ ખતમ થઈ ગયા છે સરકારે ઇન્કમટેક્ષ અને જીએસટી દ્વારા આવક ઊભી કરવી પડશે અને તેને માટે ધંધા રોજગાર ફરીથી ચાલુ થાય એ સરકારની પ્રાથમિક જવાબદારી છે કોરોના આપણી વચ્ચે ક્યાં સુધી રહે છે ખબર નથી તેથી કોરોના સાથે જીવન ચાલુ કરી દેવો પડશે ભારત અને વિશ્વમાં હજ્ઞભસમજ્ઞક્ષ હોવા છતાં પણ કોરોના વિસ્તરતો રહ્યો છે તેથી આપણે સૌએ ભજ્ઞક્ષિક્ષફ ને ભૂલીને લાઇફમાં કરવું પડશે અને આમ કરવામાં જે દેશો નિષ્ફળ જશે ત્યાં ભૂખમરાને લીધે અંધાધૂંધી ફેલાશે અને મોટી સંખ્યામાં પ્રજાજનો ભૂખમરાથી મારવા માંડશે અને છેલ્લે કરોના આપણને મારે તે પહેલા આપણે તેના ભય ને મારવો પડશે કરોના ને આપણા મગજમાં કાઢવો પડશેમ કારોનાના સમાચાર અને તેની ગણતરી ને ભૂલવી પડશે અને પૂરી સાવધાનીથી નવી જિંદગીની શરૂઆત કરવી પડશેમ ''મોતકી ડર સે બંધ રહે કે તો ક્યાં ખાયેંગે ઇસી લિયે તો કર્ફ્યુ તોડકાર બહાર નીકળતે હે



# મારી કેક એક વાર જરૂર ચાખજો...

## માત્ર ૧૧ વર્ષ ની નાની ઉંમરે ભણવાની સાથે જાગેલા કૂકિંગ શોખ ને આજે બધી જ રસોઈ અને અવનવી કેક બનાવી પૂરો કરે છે ઘાટકોપર નો ધૈય શાહ

ઘાટકોપર વેસ્ટમાં સાંઈનાથ નગરમાં આવેલ દ્વારકા બિલ્ડીંગમાં રહેતા જામનગર ના દેરાવાસી જૈન ૧૫ વર્ષના ધૈર્ય નિલેશ શાહને ૧૧ વર્ષ ની ઉંમર થી કૂકિંગનો શોખ હતો. રોજ મમ્મીને રસોડામાં હેલ્પ કરતા કરતા આજે બધી જ રસોઈ જેવીકે પંજાબી ડીશ, ચાઈનીઝ, દાળબાટી, બાજરાના રોટલા સરળતાથી બનાવી લે છે. ઘરે મમ્મીના હોય તો પણ આખા ઘર ને ધૈર્ય જમાડી લે. તેમના માતા પિતાનો સાથ અને તેના પર એટલો વિશ્વાસ કે ૧૩ વર્ષની નાની ઉંમરે અમેરિકા મામા ને ત્યાં એકલો ૪૦ દિવસ ફરી આવ્યો.

ભણવામાં હોશિયાર અને સ્માર્ટ એટલો કે ૧૪ વર્ષની ઉંમરે બંગ્લોર જઈ ફેમસ કેક મેકર વૈશાલી રાહુલ શાહ પાસે ૧ વીક અને મુંબઈ બાંદ્રા માં વર્ષા ચેતન પોલડિયા પાસે કેક મેકિંગ શીખી પોતાની ક્રીમી સેન્સેશન નામની કેકની બ્રાન્ડ ચાલુ કરી. આજે ઘાટકોપર વેસ્ટમાં ક્રીમી સેન્સેશન કેક એટલી ફેમસ છે કે એક વાર જેણે ચાખી એ બીજી ત્રીજી વાર ધૈર્ય શાહ ને જ કેક નો ઓર્ડર આપે છે. રોજ ૫-૬ કેકના ઓર્ડર આરામ થી લઇ બનાવી લે છે .

ક્રિમી સેન્સેશન અવનવી વેજ જૈન કેક બનાવે છે જેવીકે ડાર્ક ચોકલેટ, રેડ વેલ્વેટ, બેલ્જીયમ ચોકલેટ જેવી બીજી ૧૨ વરાઈટી ની કેક બનાવે છે. તેની સાથે કપ કેક , મફિન્સ, મુઝ, બ્રાઊની અને કેક સિકલ્સ જેવી વરાઈટી બનાવે છે .

ધૈર્ય શાહ ને એટલા બધા સારા રીવ્યું મળ્યા છે કે જે કેક નો ઓર્ડર કરે તેમને ક્રિમી સેન્સેશન કેક ની આદત પડી જાય . ધૈર્ય શાહ ચેલેન્જ સાથે લોકોને કે છે કે મારી કેક એક વાર જરૂર ચાખજો ....




**Creamy Sensations Cake**
Dhairya Shah
9106560022
9870487271

# ઘાટકોપર તથા મુલુંડ સ્મશાનમાં ગેસ ભઠ્ઠી બંધ રહેતા મૃત્યુ પામેલ કોરોના દર્દીને ભાંડુપમાં અગ્નિદાહ અપાય છે





ઘાટકોપરમાં ૫ દિવસથી તથા મુલુંડ (વેસ્ટ) સ્થિત સ્મશાનગૃહમાં છેલ્લા ત્રણ દિવસથી ગેસ ભઠ્ઠી બંધ હોવાથી કોરોના વાયરસના સંક્રમણથી મૃત્યુ પામેલા ૧૧ દર્દીઓના મૃતદેહોને ભાંડુપ સોનપુર ખાતે આવેલા સ્મશાનગૃહમાં અગ્નિદાહ આપવામાં આવ્યા છે. ઘાટકોપર તથા મુલુંડના નાગરીકો સ્મશાનગૃહની આ સુવિધા ત્વરિત ચાલુ થઈ જાય એમ ઈચ્છી રહ્યા છે.



## વિશ્વના દરેક ખૂણામાં લોકોને યોગ્ય સારવાર મળી રહી છે કે નહીં તેના પર ડો. હર્ષવર્ધન ધ્યાન રાખશે




કોરોનાની આ નાજુક પરિસ્થિતિમાં દુનિયાએ ભારતને મહત્વની જવાબદારી સોંપી છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડો.હર્ષ વર્ધનની વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન (ઙ્ગઇઘ)ના એક્ઝિક્યુટિવ બોર્ડના અધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવી છે. હવે હર્ષવર્ધન નિર્ણય કરશે કે શું વિશ્વના દરેક ખૂણામાં લોકોને યોગ્ય સારવાર મળી રહી છે કે નહીં. ઙ્ગઇઘમાં તેઓ જાપાનના ડો. હિરોકી નક્તાનીનું સ્થાન લેશે.

કોરોના વાયરસની મહમારી સામે ભારતે જે રીતે બાથ ભરી છે તે માટે સમગ્ર દુનિયામાં તેની પ્રશંસા થઈ રહી છે. મહામારીના આ સમયમાં ભારત દેશે ફક્ત પોતાના માટે જ નહીં પરંતુ વિશ્વના અન્ય દેશો માટે પણ જરૂરી પગલા ભર્યા છે. ભારતે દુનિયાના અનેક દેશો સુધી જરૂરી મદદ પહોંચાડી છે. જેના પરિણામે ભારતના આરોગ્ય મંત્રી ડો. હર્ષવર્ધન હવે સમગ્ર વિશ્વના આરોગ્ય પર નજર રાખશે.

નોંધનીય છે કે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશનના એક્ઝિક્યુટિવ બોર્ડમાં ૩૪ સભ્યો હોય છે. ડો. હર્ષવર્ધન ૧૯૪ દેશોની વર્લ્ડ હેલ્થ એસેમ્બલીમાં બિનહરીફ ચૂંટાયા હતા. ૨૨ મેના રોજ તેઓ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશનના એક્ઝિક્યુટિવ બોર્ડના આગામી અધ્યક્ષ તરીકે કાર્યભાળ સંભાળશે. તેઓ આગામી એક વર્ષ માટે અધ્યક્ષ પદનો કાર્યભાળ સંભાળશે. અગાઉ, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશનના દક્ષિણ-પૂર્વ એશિયા ગ્રૂપે ભારતને ત્રણ વર્ષ માટે બોર્ડના સભ્યોમાં સામેલ કરવાની સંમતિ આપી હતી.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશનના એક્ઝિક્યુટિવ બોર્ડમાં ૩૪ સભ્યો હોય છે અને તે તમામ ૩૪ સભ્યો આરોગ્ય ક્ષેત્રના નિષ્ણાંત હોય છે. ૧૯૪ દેશોની વર્લ્ડ હેલ્થ એસેમ્બલીમાંથી ત્રણ વર્ષ માટે બોર્ડમાં ચૂંટવામાં આવે છે. ત્યારબાદ આ તમામ સભ્યોમાંથી એક સભ્યની એક વર્ષ માટે અધ્યક્ષ તરીકે પસંદગી કરવામાં આવે છે. બોર્ડનું કામ બધા દેશોમાં હેલ્થ એસેમ્બલીમાં નિર્ણયો અને નીતિઓનું યોગ્ય રીતે અમલ કરવાનું છે.

હર્ષ વર્ધનની ખાસ વાત એ છે કે તેઓ પોતે તો મહેનતું છે જ પણ તેઓ પોતાની ટીમની સાથે રહીને કામ કરતા હોય છે. આ અગાઉ ડો. હર્ષ વર્ધને સોમવારે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા વર્લ્ડ હેલ્થ એસેમ્બલીમાં કહ્યું હતું કે ભારતે કોરોના વાયરસની મહામારીને નાથવા માટે સમયસર અને જરૂરી પગલા ભર્યા છે તેમજ આગામી સમયમાં પણ ભારત વધુ સારી રીતે કામ કરશે.

## આત્મનિર્ભર ભારત

તમે સરકારના સમર્થકો હો કે વિરોધી હો પણ જો તમે દેશને પ્રેમ કરતા હો તો દરેકને એક વાતનો તો સ્વીકાર કરવો જ પડશે કે આપણા દેશને, આપણા ભારતને જો સમૃદ્ધ, સુજલામ અને સુફલામ બનાવવું હોય તો તમે જે જે વસ્તુઓ વાપરો છો એ બધી વસ્તુઓ ખઅઉઊ ઈંગ ઈંગઉઈંઅ ખરીદવાની આદત પાડવી પડશે. માનનીય પ્રધાનમંત્રીજીએ એક મુદ્દાની વાત કરી કે કોરોનાની આફત ને અવસર બનાવો. આ અવસર છે વિદેશી ચીજોનો વપરાશ કરવાને બદલે વધુમાં વધુ દેશી ચીજોનો વપરાશ કરવાનો. હા, એ વાત પણ સાચી છે કે આ વાત એટલી આસાન નથી. આપણા દેશમાં જે જે વસ્તુઓ વપરાય છે એ દરેકેદરેક ચીજો ભારતમાં બનતી નથી. પણ હવે જો ભારતને ''આત્મનિર્ભર'' બનાવવું હશે તો દરેકે ખાસ કરીને ભારતીય ઉદ્યોગજગતના દિગ્ગજોએ આ બાબતે ધ્યાન આપવું પડશે.

હાલમાં જે જે વિદેશી ચીજવસ્તુઓ ભારતીયોના જીવન સાથે સંકળાયેલી છે, જોડાયેલી છે. જેનો રોજબરોજના ઉપયોગમાં મહત્તમ વપરાશ થાય તે દરેક ચીજવસ્તુઓ અહીં દેશમાં નિર્માણ કરવી પડશે અને તે પણ વિદેશી ચીજવસ્તુઓની ગુણવત્તા અને કિંમતમાં ટક્કર મારે એવી. આ વસ્તુઓ ભારતમાં બનાવી તેની પ્રસિદ્ધિ પણ એટલી જ કરવી પડશે જેથી આમ ગ્રાહકોને જાણ થાય કે જે વિદેશી વસ્તુઓ વાપરવાની તેમને આદત પડી છે તે વસ્તુઓ હવે ભારતમાં બનવા લાગી છે. જો આપણે આજથી જ વિદેશી વસ્તુઓનો ઉપયોગ ધીમે ધીમે ઓછો કરવા લાગશું અને ભારતમાં બનતી ચીજવસ્તુઓનો મહત્તમ ઉપયોગ કરવા લાગશું તો નજીકના ભવિષ્યમાં એક દિવસ એવો ચોક્કસ આવશે જ્યારે આપણે સહુ સંપૂર્ણ ભારતીય વસ્તુઓ જ વાપરતા થઈ જશું. આપણા દેશના મોટાભાગના લોકોમાં એક માન્યતા ઘર કરી ગઈ છે કે 'છોડને જે થવાનું હોય એ થાય, આપણા એકલાનું ક્યાં કંઈ નુકસાન થવાનું છે'. આ માન્યતા ધરાવનાર લોકોને મારે અમુક વાત પૂછવી છે. તમે રહો છો એ જમીન ક્યાં દેશની છે?? તમે જે શાક, અનાજ, કઠોળ ખાઓ છો એ ક્યાં દેશની જમીન પર પાકે છે?? તમે જે પાણી પીઓ છો એ ક્યાં દેશમાંથી આવે છે?? તમે જે હવામાં શ્વાસ લ્યો છો એ હવા ક્યાં દેશની છે?? આ બધું આપણા ભારત દેશનું છે અને હવે ખરા અર્થમાં માતૃભૂમિનું ઋણ ચૂકવવાનો સમય આવી ગયો છે.

માતૃભૂમિના જે બાળકો નિર્બળ છે તેમને સશક્ત કરવાનો સમય આવી ગયો છે. દેશ સશક્ત હશે તો આપણે સહુ આપોઆપ સશક્ત બની જશું અને દેશને સશક્ત બનાવવા આપણે સહુએ એક નાનું યોગદાન આપવું પડશે. એ નાનું યોગદાન છે ખઅઉઊ ઈંગ ઈંગઉઈંઅ ચીજ વસ્તુઓ ખરીદવાનો નિર્ણય. ફક્ત ભારતમાં નિર્મિત અને ભારતીય માલિકીની ચીજ વસ્તુઓ પોતે તો ખરીદવી સાથે સાથે આપણા કુટુંબીજનો, સગાંવહાલાં, મિત્રવર્તુળ અને ઓળખીતાઓમાં તેનો પ્રચાર કરવો. આવો આપણે સહુ એકસાથે મળીને ''આત્મનિર્ભર ભારત'' બનાવવાની દિશામાં ખભેથી ખભા મિલાવી આગળ વધીએ.

રાજી રહેજો – રાજેશ ચાવડા

વોઈસ ઓફ ઘાટકોપર

# ક્લાસિફાઈડ્સ

એડ આપવા માટે સંપર્ક 022-40229684

/vognewslive

www.vognewslive.com

**જાહેરખબરના દર**

ક્લાસિફાઈડ્સ જાહેરખબર ૧૫ શબ્દોના રૂા. ૧૦૦ લેખે સ્વિકારવામાં આવશે. હેડીંગના રૂા. ૧૦ એક્સ્ટ્રા થશે. ૧૫ શબ્દો પછીના વધારાના દરેક શબ્દ દીઠ રૂા. ૪. જાહેરખબર બુધવાર સાંજ સુધી જ સ્વીકારવામાં આવશે. જાહેરાતનું લખાણ ઓફિસ પર ઉપલબ્ધ ફોર્મમાં જ લખી આપવાનું રહેશે. જાહેરખબર પ્રગટ કરવાની સામગ્રી કાર્યાલયમાં આપો ઘાટકોપર ટાઈમ્સ પબ્લિકેશન સેન્ટર

**-: ઓફિસ :-**

એ-૧, સત્યમ શોપીંગ સેન્ટર, એમ.જી.રોડ, ઘાટકોપર (ઈસ્ટ).

સંપર્ક : ૯૦૨૨૨૭૯૬૮૪

voiceofghatkopar@gmail.com

આ અખબારમાં પ્રગટ થતી જાહેરાત બાબતે કોઈને પણ પૈસા મોકલતા પહેલા, કોઈ ખર્ચ માથે લેતા પહેલા કે કોઈપણ પ્રકારનો કરાર કરતા પહેલા વાચકો પૂરતી પૂછપરછ કરી લે એવો તેમને અનુરોધ છે. એડવર્ટાઈઝરો દ્વારા પોતાની પ્રોડક્ટ અને સર્વિસીસ વિશે જે દાવો કરવામાં આવે છે તેના વિશે વોઈસ ઓફ ઘાટકોપર કોઈ જવાબદારી સ્વીકારતું નથી. એડવર્ટાઈઝરો પોતાના દાવામાં ખરા ન ઉતરે એવા સંજોગોમાં કોઈપણ પરિણામ માટે વોઈસ ઓફ ઘાટકોપરના માલિક, તંત્રી, મુદ્રક અને પ્રકાશક જવાબદાર નહીં ગણાય.

– સંચાલક

## આરોગ્ય

All domestic work servant available. All ayurveda punchakarma treatment : Smitha House Servant Agency : UG 310. Dreamsmall,Bhandup W **Contact : 2166 0419, 98467 46902.** (396)507

ALLSTAR Shipping Offers Packing and Shifting of House Hold Goods Anywhere In India & Abroad. **Contact : 9867572251.** (1717)529

## મનોરંજન

**નિર્મલ ઠક્કર**

જૈન સ્તવન, સંગીતસંધ્યા, લગ્નગીત, ભજન, પ્રાર્થના, દરેક પ્રકારના મનોરંજન કાર્યક્રમ માટે. **93239 46210, 98696 66672.** (1801)540

## ધંધાદારી

**દેશ વિદેશ કુરિયર 24x7**

ડોક્યુમેન્ટ્સ, મેડિસીન, કુરિયર, ખાવાપીવાની ચીજ વસ્તુઓ, યુ.કે., યુ.એસ.એ., ઓસ્ટ્રેલીયા મોકલવા. **અનુજ સંગોઈ - ફોન : 8879991866.** પેક એન ડિલેવર. (1761)533

**પ્રતાપ પેકર્સ એન્ડ મુવર્સ**

૪૫ વર્ષથી ઓફિસ ઘર સામાન. **લલીતભાઈ ઠક્કર- 99209 55291, 98210 70320, 98215 43816.** (431)529

Ashish Packers & Movers door to door, All India Service **Mumbai 23784617 / 9320657411, Andheri 9322783239, Borivali 9619079978, Worli 9699428678.** (1808)539

**ACE પેસ્ટીસાઈડ**

૧૯૯૩થી સોસાયટીના સ્પેશ્યાલીસ્ટ ઈંજેક્શનથી - ઉધઈ, માકડ, વાંદાનો જેલથી નાશ. **9220789533, 9029181030.** (1850)542

## રીઅલ એસ્ટેટ

**Tirupati Realtors**

Available/Wanted Offices - Shops on sale & Leave-License 500 to 50,000 ft. **Cont.: 022-2269 5252 / 98206 10810** (1815)539

**શૈલેષ વોરા**
**રીઅલ એસ્ટેટ કન્સલટન્ટ**

ઘાટકોપર ઈસ્ટ/વેસ્ટમાં શોપ, ઓફિસ ફ્લેટ લેવા-વેચવા તેમજ લીવ લાયસન્સ માટે. **શૈલેષભાઈ વોરા : 88985 38335, 90048 38335.** (1813)539

## નોકરી સંબંધી

**OPPORTUNITY !!**

(Ghatkopar) Exclusive for Retired/VRS/NRI/ Bankers & HouseWife To Restart 2nd career. Earn Desire Income + Allowance +Special Training **Call :9594594301.** (1748)532

## શૈક્ષણિક

**Intensive & Synthetic Phonics**

Introduction to Concept of Reading and Phonics, Sound, Blending, Tricky Words, Spelling Rules, Worksheets, Practicals, Essential Grammar, Spelling, Punctuation Skills. Comprehensive program with Material and Certificate. Call : **9833874424, 7304195472** (427)509

## મહિલા માટે

SALE OR EXCHENGE OFFER FOR KURTIES, DUPATTAS AND NIGHTIES **CONTACT 9821468567** OR VISIT OUR STALL AT BHATIA WADI. (P)545

**વોઈસ ઓફ ઘાટકોપરમાં સ્પેશીયલ ફીચર માટે સંપર્ક - સીંજલ કોઠારી 8655185667**

**મરણનોંધ માટે**
સંપર્ક : ૯૮૬૯૦૩૮૦૯૫, ૯૦૨૨૨૭૯૬૮૪

## રીઅલ એસ્ટેટ

**GHATKOPAR**

FLATS - 1/2/3 BHK NEW / OLD. BLDG 80 LAC TO 2.80 CR. RENTAL 25K. TO 75K. COMMERCIAL - INDUSTRIAL - LAND. **NAVGRAHAA REALTY : 91522 47683 / 98214 25950.** (1762)534

**ભાડાનાં સ્પેશિયાલીસ્ટ**
ઘાટકોપરથી ચેમ્બુરમાં રેસીડેન્શીયલ/કમર્શિયલ રૂા.૧૮,૦૦૦થી રૂા.૧,૫૦,૦૦૦ સુધી આપવા લેવા માટે
**ચિંતન દેસાઈ**
**શ્રી મહાલક્ષ્મી રીઅલટર્સ**
**9321234567**

**ઘાટકોપર, વિદ્યાવિહાર, ચેમ્બુર, તીલકનગર**

ફ્લેટ ઓફિસ દુકાન ભાડેથી/ વેચાણથી લેવા-વેચવા. **પંકજ નરેન્દ્ર વોરા - 9321103249.** (B)522

**નીલકંઠ બિઝનેસ પાર્ક**

વિદ્યાવિહાર વેસ્ટ ફર્નિશ્ડ લોફ્ટ ભાડેથી આપવાનો છે. **સંપર્ક : 9820023817.** (B)494

## ધંધાદારી

**OPPORTUNITY !!**

(Ghatkopar) Exclusive for Retired/VRS/NRI/ Bankers & HouseWife To Restart 2nd career. Earn Desire Income + Allowance +Special Training **Call :9584578999.** (1887)495

## મહિલા માટે

**ઘેર બેઠા કરાવો**

બ્લીચ ફેશીયલ વેક્સ હેરસ્પા Rs.999 સાઈડર્સ, બેબીરાવર Rs.800 પ્રિવેડીગ શુટ, ફેશન શુટ Rs.3000 . કાન કાણા પૂરાવો. **Cont.: 9867094908, 8169458427** (424)497

**WOMEN START EARNING**

10,000 - 30,000 PM, BECOMING COMMISSION PARTNER PROPERTY CHANNEL PARTNER FIRM. **91522 47683 / 98214 25950.** (1762)534

Exclusive range of gharchola, bandhani, chania-choli, panetar & fancy sarees. **Jyoti Saree, Matunga,** King Circle **Ph.: 2404 3995.** (1812)539

**ઈમિટેશન જ્વેલરી**

સેટ લોંગ બુટ્ટી, બંગડી, કડા, બ્રેસલેટ ૫૦ ટકા ડિસ્કાઉન્ટથી મળશે. સમય ૩ થી ૬. **બીના : 70218 46077.** (1781)536

**ભાડા પર કપડા**

ચણીયાચોલી, ગાઉન, ઈન્ડો વેસ્ટર્ન ભાડેથી મલશે. ભાડુ ૧૦૦૦થી ચાલુ, પૂજા જોડ, કપલ જોડ વેચાતી મળશે. **આરતી શેઠ: 9029678055.** (1781)536

## મહિલા માટે

**Hobby Course Discount**

શીખો મહેંદી, નેલઆર્ટ, નેલ એક્સટેન્શન, કેલીગ્રાફી, આણા ડેકોરેશન, ડેકોપેજ, રેશીન આર્ટ, કેન્ડલ, પેન્ટીંગ, નેમપ્લેટ, રેગ્યુલર ડિસ્કાઉન્ટ વર્કશોપ. **સંપર્ક: કાજલ - 9869679871.** Instagram : hobbyartacademy-mehendi (1798)538

## ધંધાદારી

**શેરના કોઈપણ પ્રોબ્લમ**

માટે Service આપીશું Iepf, Demat,Single Deceased, Probate, Succession, Duplicate, Transmission Ph. **2805 4730, 2805 5719, 2866 1092, 2865 5805/09, Mob.: 9619315362** (cq)506

**દરેક કંપનીના શેર**

ખરીદશું Physical/Demat/ Shares/Listed/Delisted Investment House Ph. **28054730, 28055719, 28661092, 28655805/09, Mob.: 9619315362** (cq)506

## મનોરંજન

**Jalsa Event**

Starting Just@7000/- with Singer+DJ+Host make party/celebration/ wedding memorable. **9322600800.** (267)511

**ઘરે બનાવેલુ પ્યોર અથાણુ**

ખાટી કેરી - ગુંદા, ગોળ કેરી, છુંદો રેડી તૈયાર કરીને મળશે

ચોખ્ખુ શુદ્ધ અથાણું, પ્યોર અને સીંગતેલમાં બનાવીને મળશે.

સંપર્ક : જીતેન્દ્ર કોઠારી - 9322863755

**વોઈસ ઓફ ઘાટકોપર**

**ક્લાસિફાઈડ જાહેરાત (1 વર્ષ)**

**સ્પેશિયલ ઓફર**

| | | |
|---|---|---|
| 15 શબ્દના | ~~Rs.5200~~ | Rs.1500 |
| 16 શબ્દના | ~~Rs.5408~~ | Rs.1600 |
| 17 શબ્દના | ~~Rs.5616~~ | Rs.1700 |
| 18 શબ્દના | ~~Rs.5824~~ | Rs.1800 |
| 19 શબ્દના | ~~Rs.6032~~ | Rs.1900 |
| 20 શબ્દના | ~~Rs.6240~~ | Rs.2000 |

022-40229684 • 8655185667

*શરતો લાગુ +5% GST Applicable

# પૂ. પારસમુનિની પ્રેરણાથી સૌરાષ્ટ્રમાં ૧૧૫૫ જૈન પરિવારોને સીધી આર્થીક સહાય



પરમાત્મા એ અગણિત આપ્યું છે તો ગણી ગણી શું આપે છે.-પૂ-પારસમુનિ

ગોંડલ સંપ્રદાયના મહામંત્ર પ્રભાવક પૂ. ગુરૂદેવ જગદીશમુનિ મ.સા.ના સુશિષ્ય સદગુરૂદેવ પૂજ્ય પારસમુનિ મ.સા.ની પાવન પ્રેરણાથી દાદાગુરૂ ડુંગરસિંહજી સ્વામી સાધિર્ક યોજના અંતર્ગત સૌરાષ્ટ્ર, હાલાર, સોરઠ, ગોહિલવાડ, કાઠિયાવાડ, ઝાલાવડ, કચ્છનાં ૧૧૫૫ સાધર્મિક જૈન પરિવારનાં બેંક એકાઉન્ટમાં ૧૦૦૦ રૂપિયા અનેક દાતાશ્રીઓનાં સહયોગથી જમા કરાવવામાં આવ્યા.

કોરોનાં વાઈરસની વૈશ્વિક મહામારી અને લોકડાઉનને કારણે ધંધા રોજગાર બંધ છે. એવા અનેક કુટુંબો છે કે જેઓ પાસે આવકના બીજા કોઈ ઉપાય નતી. આવા પરિવારોને દૂધ, દવા, શાકભાજી, ગેસનું બિલ વગેરેની સતત ચિંતા રહે છે. આવા અનેક સાધર્મિક પરિવારો નાના નાના ગામડાઓમાં રહે છે. તેના પ્રત્યે સઆદર ભક્તિભાવ રાખવો એ સમયની માંગ છે. તેને ધ્યાનમાં લઈને સદગુરૂદેવ પૂ. પારસમુનિ મ.સા.ની પ્રેરણાથી ગોંડલ, લાઠી, માંદરોળ, મેંદરડા, જૂનાગઢ, પોરબંદર, રાજકોટ, કાલાવડ, નિકાવા, પડધરી, ધ્રોલ, જામખંભાળિયા, મીઠાપુર, આરંભજા, સૂરજકરાડી, જુનીચાવંડ, ધારી, અમરેલી, બગસરા, ગોરકડા, વિસાવદર, સરસઈ, કેશોદ, ગોરમખઢી, બોટાદ, મોટા દહીસરા, મજેવડી, માંડવી, બારેજા, ધોરાજી, નાની વાવડી, રાણપુર (ચૂડા), બગડ, ખાંભલા, વિંછીયા, પાળિયાદ, અમદાવાદ, ભાવનગર, મોરબી, આટકોટ, જલદણ, જેતપુર, લાઠીદળ, પાટણ, મોટા ખીજડીયા, ચાવંડ, વાગરા, જામકંડોરણા, ભેંસાણ, બરવાળા, ખાંડિયા (ચૂડા), ગઢડા, દામનગર, ઢસા, બાબરા, વાંકાનેર, સાયલા, જેતલસર, શિહોર, ગાંધીનગર, આંગણજ, ધંધુકા, ગાંગડ, દડવા, ગારિયાધાર, વિરસડ, રાજપીપળા, સુરત, દમણ, સુરેન્દ્રનગર, જોરાવરનગર, વઢવાણ, થાનગઢ, ધાંગધ્રા, હળવદ, ચાંગોદર, સણોસરા, લાલપુર, ખેડા, ગોરખડી, શિવાનગર, કલ્યાણપુર, લોનાર, લીંબડી, લાંભા, આણંદ, કતારગામ, જામનગર, બરોડાછાણી, કચ્છ માંડવી, કચ્છ ભુજોડી તેમજ મુંબઈમાં ઘાટકોપરમાં મલાડ, મુલુંડ, મીરારોડ. દહીંસર. ભાયંદર, વસઈ, નાલાસોપારા, વિરાર. ડોંબિવલી આદિ ૧૦૩ ઉપરાંત ક્ષેત્રોમાં ઉદારદિલ દાતાઓનાં સહયોગથી ૧૧૫૫ સાધર્મિકોને વિના વિલંબે સહાય પહોંચાડી છે. દાતાશ્રીઓએ નામની અપેક્ષાઓ ત્યાગીને દાન આપ્યું.

સંકટના આ સમયમાં કોઈ જાતની પુછપરછ વિના સાધર્મિકોને સહાય રોકડ રકમ તેના ખાતામાં જમા કરાવવાનું મહાન ભગીરથ કાર્ય સદગુરૂદેવ પૂ. પારસમુનિ સાહેબે કર્યું.


સાધર્મિક ભક્તિ-અપાવે મુક્તિની માત્ર વાતો જ ન કરી, પરંતુ નક્કર કાર્ય કરી સમાજને પૂ. સદગુરૂદેવ એક નવો રાહ ચિંધ્યો.

આ સમગ્ર કાર્યને સફળ બનાવવા માટે રાજકોટનાં સેવાભાવી કાર્યકર શૈલેષભાઈ માંઉ અને તેની સમગ્ર ટીમે આ ભગીરથ માનવતાના સેવાયજ્ઞને સફળ બનાવેલ.


આ અવસરે અદગુરૂદેવ પૂ. પારસમુનિ મહારાજ સાહેબે જણાવેલ કે પરમાત્મા આપે છે. પરમાત્મા અપાવે છે. પરમાત્માને આપવાનું છે, આપણે માત્ર નિમિત છીએ. દાન આપી અભિમાન ન કરશો તમે આપનાર કોણ ? આપવાવાળો તો ઉપર બેઠો છે. આપીને ફોટા પાડવા, વિડિયો ઉતારવો અને મે આવે આટલું આપ્યુ છે તે બતાવવું તે તો વ્યાપાર છે. ગણી ગણીને શું આપો છો? પરમાત્માએ અગણિત આપ્યું ચે. એક પરમાત્મા છે જે ગણ્યા વગર આપે છે અને એક તમે છો જે પરમાત્માનું નામ પણ ગણી ગણીને લ્યો છો. માટે નામ વગર, ફોટા વગર, પ્રદર્શન વગર આપતા શીખો, નહીતર કુદરત તમેન પણ એક દિવસ એ જ લાઈનમાં ઉભા રાખી દેશે.

કુદરતે આ સમયે ધર્મસ્થાનકો બંધ કરાવી દીધા, માનવને સમજાવે છે. કે હું ધર્મસ્થાનકમાં નથી. તારા હ્દયમાં ધર્મને સ્થાન આપતો ક્યારેય દુઃખી નહીં થાય. પ્રકૃતિ સાથે જીવતા શીખો. ઘાટકોપર મુંબઈ હિંગવાલા લેન સંઘમાં દાતાશ્રીઓના સહયોગથી રોજ ૨૦૦૦ ફૂડ પેકેટ સદગુરૂદેવ પૂજ્ય શ્રી પારસમુનિ મ.સા.ની કૃપાથી તૈયાર થતા હતા. ઘાટકોપર હિંગવાલા લેન સંઘ પ્રમુખ બિપિનભાઈ સંઘવી તથા સમસ્ત ટ્રસ્ટી ગણ એવં કારોબારી સભ્યોએ સદગુરૂદેવ પૂજ્ય શ્રી પારસમુનિ મ.સા. ના માનવતાના સેવાયજ્ઞને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા છે.

## મૂકબધિર માનવ વરીયાએ કોરોના વોરીયરને પેન્ટીંગ દ્વારા આપી સલામી



કોરોના સંકટમાં પોલીસ, ડોક્ટર, સ્વચ્છતા કર્મચારી ખરા હીરો છે તે દર્શાવતું પેન્ટીંગ ઘાટકોપરના રહેવાસી મુકબધિર માનવ વરીયાએ બનાવ્યું હતું જે વોઈસ ઓફ ઘાટકોપરને કીર્તી વરીયાએ મોકલાવેલ.




## જલારામ સત્સંગ મંડળ-મુલુંડ દ્વારા રોગપ્રતિકારક શક્તિ વધારતી હોમિઓપેથિક દવાનું વિતરણ

જલારામ સત્સંગ મંડળ - મુલુંડ દ્વારા ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા સૂચિત શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારતી હોમેઓપેથિક દવા આર્સેનિકમ આલ્બમ 30 નું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવી રહ્યું છે. આ દવા ૩ દિવસ સુધી દરરોજ ૪ ગોળીઓ સવારના ખાલી પેટે લેવી. જો આપ ફરી લેવા ઈચ્છતા હો તો એક મહિના પછી ડોક્ટરની સલાહ અનુસાર લેવી. આ દવાને ઉપર જણાવેલી માત્રાથી અધિક માત્રામાં લેવી હાનિકારક સાબિત થઈ શકે છે. વિશેષમાં જણાવવાનું કે આ દવા રોગ પ્રતિકારક શક્તિ વધારવા અને અને રોકથામને પ્રોત્સાહન આપવા માટે છે જેથી કોરોના વાયરસ વિરુદ્ધ પ્રતિરોધક ક્ષમતા વધી શકે. જો તમને કોવીડ-૧૯નું કોઈ લક્ષણ હોય તો કૃપયા નજીકની હોસ્પિટલનો સંપર્ક કરો. સામાજિક દૂરીનું પાલન કરો.દવા મેળવવા માટે સંપર્ક : મુલુંડ(વેસ્ટ): જીતુભાઈ-૯૮૨૦૩ ૬૭૩૮૭, ચેતનભાઈ- ૯૯૬૯૩ ૫૧૦૧૧, ગૌરવભાઈ- ૯૩૨૩૦ ૮૫૬૦૪, ચિરાગભાઈ- ૯૭૭૩૯ ૯૨૯૨૪, દક્ષાબેન- ૯૩૨૨૭ ૩૭૯૬૫, મુલુંડ(ઈસ્ટ) : ભાવેશભાઈ-૮૮૫૦૦ ૫૫૭૪૪ આ દવાની ડબ્બી જલારામ સત્સંગ મંડળ-મુલુંડ ટ્રસ્ટના સભ્ય ભરતભાઈ ચંદન પાસેથી મળી રહેશે ફોન (૮૭૭૯૩ ૭૯૯૧૮) કરીને મેળવી લેવી.

## મુંબઈ યુનિવર્સિટીએ વિદ્યાર્થીઓ માટે હેલ્પલાઈન શરૂ કરી

યુજીસી (યુનિવર્સિટી ગ્રાંટ કમિશન) અને રાજ્યના ઉચ્ચ શિક્ષણ વિભાગના નિર્દેશ અનુસાર મુંબઈ યુનિવર્સિટીએ વિદ્યાર્થીઓની પરીક્ષા અને પ્રવેશ બાબતે માર્ગદર્શન આપવા ઈ-મેઈલ અને હેલ્પલાઈનની સુવિધા શરૂ કરી છે. આગામી વર્ષની પરીક્ષા અને પ્રવેશપત્રની માહિતી માટે વિદ્યાર્થી ઓ હેલ્પલાઈન નંબર ૯૬૧૯૦૩૪૬૩૪ અને ૯૩૭૩૭૦૦૭૯૭ પર ફોન કરીને જાણકારી મેળવી શકે છે અથવા યક્ષ્ફળવયહાહશક્ષયડળી.ફભ.શક્ષ પર મેઈલ મોકલીને પણ માહિતી મેળવી શકે છે. મુંબઈ યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓ આપેલી સુવિધા સવારે ૧૧ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધી શરૂ રહેશે.

## જન્મદિવસની શુભકામના...



**Binita Shah**
**21st May**



**Meeta Panchamia**
**25th May**

## લગ્નદિવસની શુભકામના...



**Yogesh & Amita Vora**
**27th May**

# કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિએ સફળ ઓનલાઈન સગપણ સેતુ યોજી લોકડાઉનમાં ટેક્નોલોજીના સ્માર્ટ ઉપયોગની રાહ ચીંધી

## હાલમાં જ કાર્યભાર સંભાળનારા સંચાલકગણે ગણતરીના દિવસોમાં અવનવા કાર્યક્રમો સાથે જરૂરિયાતમંદ જ્ઞાતિજનોને મદદ કરીને અનોખાં દાખલા બેસાડ્યા

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિના મુંબઈ મહાજને ટેક્નોલોજીના સ્માર્ટ ઉપયોગ થકી અનોખો ચીલો ચાતર્યો છે. યુવક-યુવતી પરિચય સંમેલનને જૂની ઢબે યોજવું અઘરું થયું છે ત્યારે જ્ઞાતિએ એનું ઓનલાઇન આયોજન કરીને દેશ-વિદેશથી અનેક લગ્નોત્સુકોને સગપણ સેતુમાં સહભાગી થવાની તક પૂરી પાડી છે.

શનિવારે યોજાએલા ઈ-રાઈટ મેચ નામના સંસ્થાના ઓનલાઈન સગપણ સેતુ કાર્યક્રમમાં જ્ઞાતિને ૮૦ જેટલા ઉમેદવારો જોડાય તેવી અપેક્ષા હતી. તેની સામે ૨૦૩ ફોર્મ્સ આવ્યાં. એમાંથી ૧૭૮ ઉમેદવારો સક્રિયપણે જોડાયા હતા, જેમાં અમેરિકાના ઉમેદવારો પણ હતા. આયોજન ખૂબ વિચારણાપૂર્વક થયું હતું. યુવક-યુવતીઓ એક્સક્લુઝિવ મીટિંગ રૂમમાં જ્ઞાતિના પ્રતિનિધિ તથા પોતાના પરિવારજનો સાથે અલાયદી મીટિંગ પણ કરી શક્યાં હતાં. ઉપરાંત અન્ય ઓનલાઇન મીટિંગ પણ ઇવેન્ટના દિવસે ઠરાવવામાં આવી હતી.




સમગ્ર કાર્યક્રમ પાંચ કલાક ચાલ્યો હતો. જ્ઞાતિના યુથ આઈકન વૈભવ મોતા, જેઓ ફરહાન અખ્તર, આયુષ્માન ખુરાના, ફાલ્ગુની પાઠક જેવાં સિતારાઓ માટે એન્કરિંગ કરે છે, તેમણે ઈવેન્ટનું ઓનલાઈન હોસ્ટિંગ કર્યું.

જ્ઞાતિના મુંબઈ મહાજનના પ્રમુખ અને શ્રી અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી નયન અશોક ભેદાની પરિકલ્પનામાં ઈ-રાઇટ મેચને અપ્રતિમ સફળતા અપાવવા મુંબઈ મહાજનની સમગ્ર ટીમે અથાક મહેનત કરી હતી.

શ્રી કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિએ પેઢી દર પેઢી સમય કરતાં આગળનું વિચારીને અનેક અનુસરણીય દૃષ્ટાંતો સ્થાપ્યાં છે. મુંબઈ તથા દેશ આખાની પ્રગતિમાં પણ જ્ઞાતિએ ઉત્કૃષ્ટ યોગદાન આપવાની પરંપરા જાળવી રાખી છે. આ એવી જ્ઞાતિ છે જેની પોતાની બેન્ક છે, જેણે શહેરને મસ્જિદ બંદરમાં સ્થિત પ્યાઉ અને ફુવારાના સ્વરૂપમાં ગૌરવશાળી સ્મારકની ભેટ આપી છે, જેના સભ્યોના નામે મુંબઈમાં મુખ્ય માર્ગો છે. મહારાષ્ટ્રના ઇતિહાસમાં કોઈ મુખ્ય પ્રધાને મસ્જિદ બંદરની મુલાકાત લીધી તેવો એકમાત્ર પ્રસંગ ૨૦૧૫માં નોંધાયો એનો યશ પણ કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિને જાય છે. એ વરસે તત્કાલીન મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, પ્યાઉ-ફુવારાના નૂતનીકરણના પગલે ઉદ્ઘાટન માટે મસ્જિદ બંદર આવ્યા હતા.

લોકડાઉનના સમયમાં કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિએ ટેક્નોલોજીના મૌલિક ઉપયોગ થકી ઈ-રાઈટ મેચ પહેલાં પાર્શ્વગાયિકા સંજીવની ભેલાંદેના ઓનલાઇન કાર્યક્રમનું આયોજન કર્યું. તેનો આનંદ જ્ઞાતિના ૧૦,૦૦૦થી વધુ લોકોએ માણ્યો હતો. હાલના સંકટકાળમાં નાણાકીય ભીંસ અનુભવતા જ્ઞાતિજનોને મદદ કરવાના શુભાશય સાથે સંસ્થાએ શાલિભદ્ર સાધર્મિક સહાય યોજનાપણ શરૂ કરી, જેમાં ૪૫ લાખ રૂપિયા જરૂરિયાતમંદ જ્ઞાતિ પરિવારો માટે એકઠા થયા. તેનું વિતરણ પણ બેન્ક ટ્રાન્સફરથી શરૂ કરી દેવામાં આવ્યું.

હાલમાં કાર્યરત મુંબઈ મહાજન તથા શ્રી અનંતનાથ ટ્રસ્ટના સંચાલકગણની વરણી માર્ચમાં થઈ હતી. એપ્રિલની શરૂઆતમાં સૌ વિધિવત ધોરણે કાર્યભાર સંભાળે એ પહેલાં લોકડાઉન આવી ગયું હતું. અણધાર્યા પડકારો છતાં સંચાલકગણે જે રીતે કાર્યક્રમોની હારમાળા સર્જવા માંડી છે, જરૂરિયાતમંદોને મદદ કરવા સાથે જ્ઞાતિની અપેક્ષાઓની પૂર્તિ કરવા માંડી છે એ વાત અન્ય સંસ્થાઓ અને જ્ઞાતિઓ માટે અનુસરણીય છે.

# સ્લમ વિસ્તારના કંન્ટેન્મેન્ટ ઝોનમાંથી યુવકો બહાર નિકળી અન્યોનો જીવ જોખમમાં મુકી રહ્યાં છે

કોરોના પ્રસારણને રોકવા માટે કોવિડ ૧૯ ના પોઝિટિવ મળી આવેલા વિસ્તારોને કન્ટેન્મેન્ટ ઝોન જાહેર કરાયા છે. જેના અંતર્ગત આ વિસ્તારમાં કોઈને પણ અંદર જવાની કે બહાર નીકળવાની મંજૂરી નથી. તેમ છતાં પણ મુલુંડમાં ઝૂંપડપટ્ટીઓમાં બનેલા કન્ટેન્મેન્ટ ઝોન વિસ્તારમાં સ્થાનિક નાગરિકો બેરીકેડ્સ કુદાવીને બહાર નીકળતા નજરે ચડે છે. જેનાથી આસપાસના વિસ્તારમાં રહેનારાઓમાં ડરનો માહોલ વ્યાપ્યો છે.

મુલુંડમાં ધીરે ધીરે ઘણી મુખ્ય ઝુપડપટ્ટીઓ, વસ્તીઓમાં કોરોના સંક્રમણ ફેલાયું છે. જેના કારણે મહત્તમ વસ્તુઓને કન્ટેન્મેન્ટ બનાવીને તેના વિસ્તારોને વાંસની સહાયથી અથવા તો બેરિકેડિંગ કરીને સીલ કરાયા છે. એવામાં પણ કેટલાક લોકો કોઈને કોઈ કારણોસર આ વિસ્તારમાંથી બહાર નીકળતા નજરે ચડે છે. એવું દ્રશ્ય ઘણી વખત આસપાસના વિસ્તારના લોકોએ જોયું છે. તેમણે પોલીસને સૂચના પણ આપી છે, પરંતુ પોલીસ આવ્યા સુધીમાં તો તેઓ તરત જ નાસી છૂટે છે. કેટલાક સમય બાદ પાછું એ દ્રશ્ય સામાન્ય થઈ જાય છે. આમ તો શરૂઆતમાં દરેક કન્ટેન્મેન્ટ ઝોનની બહાર પોલીસ કર્મચારીઓ ફરજ હાજર હતા. પરંતુ હવે કન્ટેન્મેન્ટ ઝોન વધુ હોવાના કારણે અને વળી પોલીસ દળમાં પણ કર્મચારીઓની અછત હોવાથી એવું શક્ય નથી.

કન્ટેન્મેન્ટ ઝોનની આજુબાજુ રહેનારી સોસાયટીના લોકો આ દ્રશ્યથી ખૂબ જ પરેશાન છે. પોતાનું નામ ગોપનીય રાખવાની સાથે શરત સાથે એક સ્થાનિકે જણાવ્યું કે, ''કન્ટેન્મેન્ટ ઝોનમાં કેટલાક લોકો ખુલ્લેઆમ બહાર નીકળે છે અને તેમને કોરોનાનો કોઇ ડર નથી. કેટલાક યુવકો તો બહાર ખાલી ફરવા માટે જ આવે છે અને બાઈક ઉપર બેસીને ગપ્પા મારે છે. જેના કારણે આસપાસની સોસાયટીના લોકોમાં એટલો ભય વ્યાપ્યો છે કે તેઓ પોતે પણ બહાર નીકળવાનું અવગણી રહ્યા છે. પોલીસના અધિકારીએ જણાવ્યું કે આવા ક્ષેત્રમાં રહેતા લોકોને ૨૪ કલાક બાંધી રાખવા અશક્ય છે. જો કે સલામતીના દ્રષ્ટિકોણથી મુલુંડ પશ્ચિમ ઈન્દ્રિરાનગર પરિસર અને રામગઢ પરિસરના રસ્તાઓને બંધ કરાયા છે.

Haresh B. Parmar જે ભગવાન M: 098206 17168
Haresh Creation
Ladies Dressmakers
Believe in Creativity
हरेश क्रिएशन लेडीज् ड्रेसमेकर्स
Shop No. 3, Krishna Leela , Khokhani Lane, Ghatkopar (East), Mumbai - 400077
M: 87792 99022 (Sunday Closed)

ALIBAUG
WEEKEND HOME
2 BHK APARTMENT
Available Right on the Beach Side
For Outings with Families & Friends
FOR BOOKINGS & ENQUIRIES
Call : 98675 84877

સુવર્ણ તક સુવર્ણ તક
માર્કેટમાં ઝડપથી વધુ બિઝનેશ કરતી કંપનીને ફેન્ચાઈઝી આપવી છે ફક્ત રૂ.૮૦,૦૦૦ના રોકાણમાં દિવસનાં ત્રણ થી ચાર કલાક કામ કરી
માસિક રૂ.30000 થી ૬0000 કમાવવાની અમૂલ્ય તક
નિવૃત લેડીઝ જેન્ટ્સ તથા દરેક માટે બેસ્ટ બિઝનેશ તક
ટુ વ્હિલર આવડતુ હશે તેના માટે બેસ્ટ તક આજે જ મળો
MEHTA ENTERPRISES
10/A, Gr. Floor, Kanara Business Center, Laxmi Nagar, Ghatkopar Anderi Link Road, Ghatkopar (East), Mumbai - 400 075.
9967421409 / 8291440870 / 7623901554

# કોરોના સંકટમાં દરદીઓ માટે હોસ્પિટલમાં બેડની અછત સર્જાઈ છે ત્યારે ઘાટકોપરમાં અદ્યતન સુવિધાઓ ધરાવતી હોસ્પિટલની ફરી માંગ



**કોરોના વાયરસથી ત્રસ્ત થયેલ વિશ્વને મેડિકલ ક્ષેત્રમાં નવી ક્રાંતિની જરૂર**

જતીન કોઠારી દ્વારા

## મંદિર - દેરાસરો જરૂરી પણ હવે ઘાટકોપરમાં હોસ્પિટલ બનાવવાને પ્રાથમિકતા આપવામાં આવે તે વધુ જરૂરી

ઘાટકોપર મુંબઈના એક ગુજરાતીઓનાં ગઢ સમાં પરાં તરીકે પ્રખ્યાત છે પણ અહીં છેલ્લા ૩૦ વર્ષ થી અત્યાધુનિક સુવિધાઓ ધરાવતી હોસ્પિટલ ની માંગ હજુ પૂરી થઈ નથી. સમગ્ર મુંબઈ મહારાષ્ટ્ર માં કોરોનાના પોઝીટીવ દરદીઓની સંખ્યા વધતાં કોઈ જગ્યાએ હોસ્પિટલોમાં લોકોને સારવાર માટે બેડ ઉપલબ્ધ નથી. ઘાટકોપરમાં રાજાવાડી એક માત્ર સરકારી હોસ્પીટલ છે. મેડિકલ સુવિધાઓમાં અત્યંત નબળી આ હોસ્પિટલમાંથી વારંવાર પેશન્ટને સાયન હોસ્પિટલમાં સારવાર માટે મોકલી દેવાય છે. આવા સંજોગોમાં ભૂતકાળમાંથી બોધ ના મેળવ્યો પણ વર્તમાન શીખવાડી રહ્યું છે કે ફૂદકે ને ભૂસકે વધી રહેલ ઘાટકોપરની વસ્તી માટે હોસ્પિટલની આવશ્યકતા છે. વોઈસ ઓફ ઘાટકોપર દ્વારા ઘાટકોપરની અગ્રણી વ્યક્તિઓની મુલાકાત લેવામાં આવી હતી. અને તેમણે કહ્યું હતું કે ભલે હાલમાં આગ લાગે ત્યારે કૂવો ખોદવા જેવી સ્થિતિ છે પણ મહામારીનો આ સમય આપણી ભાવી પેઢી માટે પણ તૈયારી કરવાનો બોધ છે. નજીકનાં ભવિષ્યમાં હોસ્પિટલ બનાવવા માટે ઘાટકોપરના નાગરિકોએ આજથી નિયમ લેવાની જરૂર છે.



**જીતેન્દ્ર મહેતા :** ઘાટકોપરમાં વર્ષોથી રહેતા લોકો જાણે છે કે ૨ થી ૩ જગ્યાઓ હોસ્પિટલ બનાવવા માટે રિઝર્વ છે. યોગ્ય પ્રક્રિયા દ્વારા તે પ્લોટ મેળવી શકાય છે. છેલ્લાં ૩૦ વર્ષમાં હોસ્પિટલ બનાવવા કોઈ નક્કર કામ થયું નથી તેનું પરિણામ આજે આપણે ભોગવી રહ્યા છીએ. કોરોના સંકટ વચ્ચે અનેક જગ્યાએ હોસ્પિટલો બનાવવામાં આવી રહી છે. થાણામાં સાકેત રોડ બાલકુમ વિસ્તારમાં પ્રશાસનની મદદ થી ૧૦૦૦ બેડની હોસ્પિટલ બનાવવા માં આવી રહી છે. હાલ માં કોવીડ ની સારવાર અર્થે આ હોસ્પીટલ કામ કરશે આગળ પણ જે તે સમયની પ્રાથમિકતા હશે તે મુજબ હોસ્પિટલ કાર્યરત રહેશે. હું આ કોવીડ હોસ્પિટલ એક્સીક્યુશન કમિટી મેમ્બર છું. ઘાટકોપરમાં અનેક પાવરફુલ વ્યક્તિઓ રહે છે દરેકે સાથે મળીને આ ક્ષેત્રમાં વિચારવાનો સમય પાકી ગયો છે.



**કેતન જોગી :** ઘાટકોપરના લોકોએ પ્રેક્ટીકલ થઈને વિચારવું જોઈએ. ૮ લાખની વસ્તી ધરાવતાં ઘાટકોપરમાં આજે ૮૦૦થી વધુ કોરોના ના કેસ છે તો પણ આપણને હોસ્પિટલમાં બેડ મળી રહ્યા નથી. લોકો અહીંયા ત્યાં દોડી રહ્યા છે. અહીં અંદાજે ૨૫૦૦ જેટલી સોસાયટી છે ૫૦૦ જેટલી રીડેવેલોપ થઈ છે એટલે વધી રહેલી વસ્તી સામે મેડિકલ સુવિધા વધી નથી. હોસ્પિટલ અને સ્કુલ પ્રાથમિક સુવિધા છે. ઘાટકોપરમાં પૂણે વિદ્યાભવન પાછળ એક પ્લોટ ઉપલબ્ધ છે તે લઇ ઘાટકોપરના જ નાગરિકોએ પૈસા ભેગા કરીને હોસ્પિટલ બનાવવી જોઈએ. આપણે સરકારને ટેક્સ ચૂકવીએ છીએ સામે મેડિકલ સુવિધા આપણને મળવી જોઈએ જે લોકોએ સમજવું જરૂરી બન્યું છે. ઘાટકોપરમાં અનેક શ્રીમંતો રહે છે. તેઓની સહાયતાથી એક ફંડ ઉભું કરી આ કાર્ય આગળ ધપાવી શકાય છે.



**ગીરીશ શેઠ :** હું ઘાટકોપરમાં વર્ષો થી રહું છું. ગારોડિયા નગર પ્રાયવેટ લેઆઉટ ના માર્ગો નું નુતનીકરણ ૩ વર્ષ પહેલાં તત્કાલીન વિધાનસભ્ય પ્રકાશભાઈ મહેતાનાં ફંડ અને પ્રયત્નથી શરૂ થયું ત્યારે તત્કાલીન મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ , હાલનાં વિધાનસભ્ય પરાગ શાહ સહિત અનેકની ઉપસ્થિતિમાં મે ગારોડિયા નગરમાં હોસ્પિટલ બનાવવી જોઈએ તેવી માંગ મૂકી હતી જે હજુ પૂરી થઇ નથી. મહાનગરપાલિકા એ ઈ.સ ૧૯૬૫ માં વધી રહેલ વસ્તીને ધ્યાનમાં લઈ સ્કુલ અને હોસ્પિટલ માટે પ્લોટ રિઝર્વ રાખેલ. ગરોડીયાં નગરમાં પ્લોટ નં ૨૩૮ જે ૨૭૦૦ સ્કે.યા નો પ્લોટ છે ત્યાં ડેવલોપરએ અડધો ઢાંચો બનાવી વર્ષોથી રાખી મૂક્યો છે. તેમને પૂછવાની જરૂર છે જો તેઓ આ પ્લોટ ડેવલપ ના કરી શકતા હોય તો બીજાને સોંપી દે. કોરોનાની મહામારીમાં મ્યુનસિપાલિટી ધારે તો અનેક કાર્યો કરી શકે પણ લોકોને આવી રીતે કોઈ પણ પ્રકારની મેડિકલ સુવિધા ન મળે તેમ છોડી દેવાં ન જોઈએ.

**મનોજ અજમેરા :**



હોસ્પિટલ માટે ઘાટકોપરમાં વર્ષો થી પ્રયત્નો થાય જ છે. પણ હજુ સુધી હોસ્પિટલ નું સપનું સાકાર થયું નથી. આજના સમયમાં કોરોના પોઝીટીવ કેસ ધરાવતાં દરદીઓ ને બેડ મળતાં નથી જે ખૂબ દુઃખદ કહી શકાય. ઘાટકોપરમાં જો હોસ્પિટલ બનાવવી હોય તો પ્રાયવેટ પ્લોટ કરતા જે રિઝર્વ જમીનો છે તે સાંસદ અને વિધાન સભ્ય ની મદદથી મેળવવા જોઈએ. જો આવા પ્લોટ મળશે તો આગળનું કાર્ય કરવું જેમ કે ફંડ એકઠું કરવું કે બાંધકામ કરવું વગેરે ફાસ્ટ ટ્રેક પર લઈ શકાશે. આ કાર્ય માટે સમય મર્યાદા બાંધવી યોગ્ય નથી પણ નિશ્ચય દ્રઢ હોવો આવશ્યક છે.

**રાજેશ ઠક્કર :**



રાજાવાડી હોસ્પિટલ એક માત્ર સરકારી મોટી હોસ્પિટલ ઘાટકોપરમાં છે. અન્ય પ્રાયવેટ હોસ્પિટલમાં વધુ બેડ નથી. હાલમાં કોરોના સંક્રમણ વધી રહ્યું છે ત્યારે દરેક જગ્યાએ એક જ વસ્તુ સંભળાય છે કે હોસ્પિટલો માં જગ્યા નથી માટે કાળજી લો. તેનો મતલબ એ કે સુવિધાનો અભાવ છે. ઘાટકોપર મુંબઈના અન્ય પરાઓની સરખામણી માં ગીચ છે પણ તેનો અર્થ એ નથી કે અહી સુવિધા પણ ઉપલબ્ધ ન કરાવી શકાય. કોરોના આપણાં બધાં માટે ખતરા ની ઘંટી છે. જો મેડીકલ સુવિધાઓ, ડોકટરોની કમી વગેરે માટે જાગવાનો સમય આવી ગયો છે. અનેક જગ્યાએ હોસ્પિટલો ફક્ત ગણત્રી ના દિવસો માં બનાવવામાં આવી રહી છે ત્યારે ઘાટકોપરમાં અદ્યતન સુવિધાઓ ધરાવતી હોસ્પિટલ ની કલ્પનાનું બીજ દરેક ઘાટકોપર વાસીએ પોતાના મનમાં વાવવું જ પડશે.

**કેતુલ ઝાટકિયા :**



ઘાટકોપરમાં દરેક વર્ગના લોકો રહે છે. ૮ લાખ ની વસ્તી ધરાવતા આ પરાં માં વસ્તી હોવાને કારણે મેડિકલ સુવિધા પૂરતા પ્રમાણમાં હોય તે જરૂરી છે. શરીરની સંભાળ માટે રોગના નિદાન માટે ચિકિત્સા માટે પણ મલ્ટી સ્પેશિયાલીટી હોસ્પિટલ હોવી જોઈએ. ઘાટકોપર નજીક ફક્ત એક કોહિનૂર હોસ્પિટલ છે જે થોડા સમયથી ક્રાયસિસમાં છે , બાકી હિરાનંદાની પવઈસ, મુલુંડ થાણા સુધી અને બીજી બાજુ હિન્દુજા સુધી જવું પડે છે. આજના સમયમાં તો પરિસ્થિતિ વિકટ છે. મુંબઈની હોસ્પિટલોમાં બેડ જ ઉપલબ્ધ નથી. ઘાટકોપર આસપાસ બધાં વર્ગનાં લોકો હોવાથી અફોર્ડેબલ મેડિકલ ફેસિલીટી મળવી જોઈએ જે માટે હોસ્પિટલ બનાવવી આવશ્યક છે.

**પ્રવીણ તન્ના :**




ઘાટકોપર પોતે એક મહાનગર છે. તમામ લોકો અહી વસે છે જેથી વસુધૈવ કુટુમ્બકમ ની ભાવના રાખી ઘાટકોપરના મહાજને ભેગા થઈ એક વિચારધારા સાથે એક સૂરમાં એક પ્લેટફોર્મ પર આવવાથી આ હોસ્પિલનું ભગીરથ કાર્ય પાર પડશે. ભગવાન રામે જેમ નાની નાની શક્તિઓને એકત્ર કરી સેતુ બનાવ્યો હતો તેમ સર્વ જન હિતાય સર્વ જન સુખાય નાં વિચાર સાથે દરેક નાની નાની શક્તિઓને એકત્ર કરવી જોઈએ. હોસ્પિટલ દરેકની સ્વાસ્થ્ય ને સુધારવાનું કાર્ય કરશે.

**દિનેશ દોશી :**



ઘાટકોપરમાં મેડિકલ ઈમર્જન્સીની સુવિધા નથી. ઈમર્જન્સીમાં ૪ થી ૫ કી. મી સુધી જવું પડે છે આવા સમયે ખુબ મોટી સમસ્યા સર્જાય છે.૧૯૯૨ માં ગારોડીયા નગરમાં સ્લેબનું ભુમીપુજન કરાયું હતું અને હવે તેજ જગ્યા પાર્કિંગ લોટ તરીકે વપરાય છે. જો સંબંધિત લોકોને હોસ્પિટલ બનાવવાની ઈચ્છા ના હોય તો ઘાટકોપર ના ભલા માટે આ કામ અન્યોને સોંપી દેવું જોઈએ. જો આજ થી જ આ દિશામાં વિચારીએ તો આગામી ૪-૫ વર્ષમાં ભાવિ પેઢીને હોસ્પિટલ તૈયાર કરીને આપી શકાશે.

# સલૂન અને મેકઅપ આર્ટિસ્ટ ઈન્ડસ્ટ્રીના લોકોને ભવિષ્યમાં શું તકલીફ પડી શકે છે ?





## હ્યુમન ટુ હ્યુમન ટચ ધરાવતી આ ઈન્ડસ્ટ્રીમાં સોશ્યલ ડિસ્ટનસીંગ સહીત બધા પ્રિકોશન ખુબ સ્ટ્રીક્ટલી ફોલો કરવા પડશે

**કોરોના વાયરસ ને લીધે દરેક જગ્યાએ માસ્ક ફરજીયાત થયું છે તો સોશ્યલ ડિસ્ટનસીંગ પણ ફોલો કરવું ફરજીયાત છે.આ બધાં નિયમો પાળવામાં સૌથી વધુ તકલીફ જે ક્ષેત્રમાં પડવાની છે તે છે સલૂન અને મેકઅપ આર્ટિસ્ટને, હાલ માં તો આ બંને સેવા બંધ છે પણ જયારે સલૂન ખુલશે ત્યારે ગ્રાહક અને સર્વિસ દેનાર દરેકને મુશ્કેલી પડી શકે છે. આ સંબંધી વિવિધ લોકો ને સિંજલ જતીન કોઠારીએ પૂછતાં મિશ્ર પ્રત્યાઘાત વોઈસ ઓફ ઘાટકોપરને મળ્યા હતા.**



**અર્ચના હરીયા (સ્પ્લશ સલૂન ) :**
કૃપા વોરા, હું અને મારી પુત્રી વૈશાખી અમે ત્રણ જાણ આ સલૂન સલૂન ચલાવીએ છીએ. અમે નિયમિત ચર્ચા કરતા હોઈએ છે કે સલૂનમાં કોરોના વાયરસ અંગે વિવિધ નિયમો પાળી શકાશે પણ, મેકઅપ આર્ટિસ્ટ ને ખુબ તકલીફ પડશે. જોકે હમણાં જ લગ્નની સીઝન ગઈ છે જેમાં લોક ડાઉનને લીધે ઘણા ઈવેન્ટ્સ કેન્સલ થયા છે. વૈશાખીએ જણાવ્યુ કે અમે નવા નિયમો મુજબ સ્ટાફ ને હાઇજિન રાખવા ટ્રેનિંગ આપી છે. અને સંપૂર્ણ રીતે માહિતી આપી છે.



**સંજય ઠક્કર :**
સલૂનમાં કલાયેન્ટ્સ આવશે પણ મેકઅપ શીખવા હમણાં કોઈ આવશે તે શક્ય નથી. પહેલા ગ્રુપમાં વધુ સ્ટુડન્ટ લઇ શકતા હતાં. હવે ગેધરિંગ શક્ય નથી માટે શો પણ થવા મુશ્કેલ છે. હમણાં ની વેડિંગ સીઝન પૂર્ણ થઇ અને લોકડાઉનને લીધે ઓડર્સ પણ કેન્સલ થયા, હવે આગામી સીઝન સુધી કોરોના કેર ઓછો થાય તો પરિસ્થિતિ બદલાઈ શકે છે, પણ આવનારા સમયમાં અમે પોતે દરેક તકેદારી સાથે કામ શરુ કરીશું.



**સ્મિતા ગાલા (કાઈઝો સલોન) :**
આગમી સમય ખુબ જ તકેદારી રાખવાનો છે. દરેક ગ્રાહક આવે ત્યારે સેનિટાઇઝ થઈને આવે, માસ્ક ના હોય તો માસ્ક અપાશે , સ્ટાફ પણ માસ્ક, સેનિટાઇઝ થયા બાદ સ્ટીમ લઈને પીવીસી શીટ ડ્રેસ પહેરશે. આ ઉપરાંત તેમના હાથમાં ગ્લવ્ઝ હશે. વર્ષોથી અમારા દરેક આઉટલેટમાં હેન્ડ સેનિટાઇઝ કરવાની આદત છે. અને સોશ્યલ ડિસ્ટનસીંગ માટે એક સીટ છોડીને બેસવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

**જીગ્ના સાવલા (રિફ્લેક્શન સલોન) :**
કોરોનાને લીધે તમામ ઈન્ડસ્ટ્રી બંધ છે ત્યારે બ્યુટી ઈન્ડસ્ટ્રી પણ ખરાબ રીતે અફેક્ટેડ છે. અમારી આવક તદ્દન અટકી ગઈ છે. આગળ પણ એવું લાગી રહ્યું છે. કે જો એક લગ્ન ફંક્શનમાં જો ૧૦૦ જ મહેમાનોને આમંત્રણ આપવામાં આવે તો તૈયાર થવાવાળા લોકો ઓછાં જ હશે જેની અસર અમારા બિઝનેસ પર પડશે આ ક્ષેત્રનાં લોકો માટે સરકાર દ્વારા વિશેષ કોઈ લાભ જાહેર કરયાં નથી. ઘાટકોપરનાં જ આજ ફિલ્ડનાં લોકોએ એક એસોશિએશન બનાવવું જોઈએ જેથી આ ફિલ્ડની માંગ અને તેના સંદર્ભે માહિતીનું આદાન પ્રદાન થઈ શકે. સૌએ સાથે મળીને આગળ વધવાનો સમય આવી ગયો છે.





અમદાવાદ અને રાજકોટના સલૂનની તસ્વીરો



**સમીર સાવલા :**
મેકઅપ આર્ટિસ્ટએ આગામી સમયમાં જરૂર ઘણો બધો ફેરફાર કરવો પડશે. ઓનલાઇન ક્લાસ અમે શરુ કર્યા હતા પણ હાલમાં કોઈ નવા ઓર્ડર મળવાની શક્યતા ઓછી હોવાથી સ્ટુડેંટ્સ પણ પૈસા ઈન્વેસ્ટ કરવા તૈયાર ન થયા. ખુબ ઓછા લોકો એવા છે જે લોક ડાઉનમાં પણ નોલેજ વધારવા ઇચ્છે છે. મેકઅપ ની દુનિયામાં મેકઅપ કરનાર માસ્ક પહેરી શકે પણ જેને મેક એ કરવાનો છે તે કઈ રીતે માસ્ક પહેરી શકે?

# કોરોના લોકડાઉનમાં ઊંઘની સમસ્યા

કોરોના લોકડાઉન ૧ના છઠ્ઠા દિવસે મારા લંગોટિયા મિત્રનો ફોન આવ્યો કે ડૉક્ટર ચારેક દિવસથી મને રાત્રે ઊંઘ આવતી નથી, સવારમાં ઉઠવાનું મન થતુ નથી તથા સ્ફૂર્તિ સવારમાં રહેતી નથી આટલા વર્ષોમાં પહેલા આવું ક્યારેય થયું નથી. ઊંડાણમાં અન્ય લક્ષણો વિષે પૂછ્યું તથા સારવાર શરૂ કરી.

લોકડાઉનમાં ઊંઘની સમસ્યા બહુ સામાન્ય છે. ઘણી વ્યક્તિઓ આનાથી પીડાય છે.

ઊંઘની સમસ્યા (અનિંદ્રા)

અનિંદ્રાના નિદાન માટે નીચેના મુદ્દા મહત્વના છે.

• શરૂઆતમાં ઊંઘ આવવાની તકલીફ થાય ઊંઘ મોડેથી આવે (Early Night Insomnia)

• શરૂઆતમાં ઊંઘ આવે પણ વચ્ચે ઊંઘ ઊડી જાય અને પછી ઊંઘ ન આવે પરંતુ પરોઢિયે ઊંઘ આવે (Middle Night Insomnia)

• પરોઢિયે ઊંઘ ઊડી જાય અને પછી ઊંઘ ન આવે (Early Morning Insomnia)

ઊંઘ આવવા માટેની બધી સગવડો હોવા છતાં ઉપરોક્ત તકલીફમાંથી એક અથવા વધારે તકલીફ હોય/થાય તો અનિંદ્રાની તકલીફનું નિદાન થાય છે.

અનિંદ્રા એ બીમારીનું લક્ષણ છે બીમારીનું નિદાન નથી. અનિંદ્રાના લક્ષણનું બે વિભાગમાં વર્ગીકરણ કરાય છે.

૧) પ્રાથમિક (Primary Insomnia), ૨) દ્વિતીય (Secondary Insomnia)

અનિંદ્રાની ફરીયાદ દ્વિતીય કે અન્ય બીમારીને લીધે હોય તો મૂળ બીમારીની યોગ્ય સારવાર બાદ પણ અનિંદ્રાની ફરિયાદ રહે તો નીચે પ્રમાણે સારવાર કરાય છે.

• દવા સિવાયની સારવાની પદ્ધતિઓ: (Non-Pharmacological Methods)

• ઊંઘ માટેના સોનેરી નિયમો /ટેવ (Good Sleep Habits)

૧) બેડરૂમ શાંત, આમદાયક, અંધકાર/ હળવા પ્રકાશવાળો હોવો જોઈએ. બહારથી ખલેલ ન પહોંચે. ૨) શરીરિની સ્થિતિ (Position) સૂતી વખતે આરામદાયક હોવી જોઈએ. ૩) ફક્ત સૂવા માટે જ પથારીનો ઉપયોગ કરો. દિવસના ભાગમાં કે સાંજે પથારીમાં આળોટવાનું ટાળો. ૪) સવારના ઉઠવાનો સમય નિયમિતપણે એક જ રાખો રાતના ગમે તેટલા વાગે ઊંઘ આવી હોય તો પણ સવારના રોજના સમયે ઊઠી જાઓ. ૫) રાતના પોતાના સમયે સૂઈ જાવ ઊંઘ ન આવે તો પણ પથારીમાં સૂતા રહો. પથારીમાં શિથિલતા (Relaxation) કરો ભગવાનનું નામનું રટણ કરો. • મનને અશાંત / ઉત્તેજીત કરનારી પરિસ્થિતિ/વસ્તુથી દૂર રહો. (Stimulus Control) ૬) ચા, કોફી, કોલાયુક્ત ઠંડા પીણા સાંજ બાદ ન લો. ૭) સાંજ બાદ ધુમ્રપાન, તમાકુનું સેવન ન કરો. ૮) રાતના જમવાનું યોગ્ય સમયે લો (શક્ય તો સુવાની બે કલાક પહેલા) રાતનું ભોજન હળવું લો રાત્રે પેટ ભરીને ન જમો. ૯) સુવાના સમય પહેલા દલીલબાજી ટાળો. ૧૦) બપોરના સુવાનું ટાળો. ૧૧) સાંજ બાદ જોમભરી (Vigorous) શારીરિક કસરત ન કરો. ૧૨) રાતના ટી.વી. જોવાનું ટાળો (ઊંઘ ન આવે તો પણ) શક્ય હો તો રાતના ૧૧.૦૦ વાગ્યા પછી લાઈટ બંધ કરી દો.

૧૩) ઊંઘ ન આવે તો પણ રાત્રે ઘડિયાળ ન જુઓ. ૧૪) રાત્રે ૧૧.૦૦ વાગ્યા બાદ મોબાઈલનો ઉપયોગ કરો.

• માનસિક શિથિલતા (Mental Relaxation)

માનસિક્ત શિથિલતા મેળવવા સક્રિય પ્રયત્ન કરવો જોઈએ. યોગા, વિપાસના, સ્વાસન, ધ્યાન, મેડિટેશન વગેરે અલગ અલગ પદ્ધિતિઓમાંથી એક અથવા વધારે પદ્ધતિઓ અપનાવી શકાય.

દરરોજ નિયમિત પ્રેક્ટીસ કરવી અગત્યનું છે. સવારના શારીરિક કસરત (Exercise), નિયમિત સવારના ચાલવાનું, તરવાનું (Swimming) વગેરે કરવાથી રાત્રે ઊંઘ સારી આવે છે. મગજમાં હકારાત્મક ન્યુરોટ્રાન્સમીટર્સ આનાથી ઉત્પન્ન થાય છે.રાતના સુતી વખતે આરામદાયક શરીરની સ્થિતિમાં શિથિલતા (Relaxation) કરવાથી ઊંઘ આવી જાય છે.

• કોગ્નિટિવ થેરાપી : (Cognitive Therapy)

ઊંઘ વિષેની ભૂલ ભરેલી સત્યથી વેગળી માહિતી સામાન્ય લોકોમાં હોય છે. જેને લીધી ગેરસમજ ઉત્પન્ન થઈ નકારાત્મકતા ઉત્પન્ન થાય છે.

ઊંઘ વિષેની મનોવૈજ્ઞાનિક માહિતી ખાસ કરીને ઊંઘનો સમય, ખરાબ સપનાઓ, 'મને રાત્રે ઊંઘ આવશે કે નહીં?' એવા વિષયોની યોગ્ય માહિતી આપવામાં આવે છે. કાઉન્સેલીંગ કરવામાં આવે છે.

• દવાઓ (Pharmacolocgical)

અનિંદ્રાની ફરિયાદ દૂર કરવા માટે અલગ અલગ પ્રકારની દવાઓ ઉપલબ્ધ છે. અલગ અલગ દવાઓ મગજમાં અલગ અલગ ન્યોરોટ્રાન્સમીટર્સ પર અસર કરે છે.

દવાઓ કઈ આપવી, કેટલી માત્રામાં આપવી, કેટલો વખત આપવી એ સારાવારની કળા (Art of Prescribing) છે. ફેમીલી ડોક્ટર કે મનોચિકિત્સક આમા નિષ્ણાંત છે. એમની સલાહ મુજબ સારવાર કરવી અગત્યનું છે.

• સારાંશ : અનિંદ્રાની ફરિયાદ બીમારીનું લક્ષણ છે. બીમારીનું નિદાન નથી, યોગ્ય નિદાન કરવુ જરૂરી છે, સારવારમાં દવા સિવાયની પદ્ધતિઓ તથા, દવાઓ દ્વારા સારાવા કરાય છે. પરિણામો ધાર્યા પ્રમાણે મળે છે.

**ડૉ. મણિલાલ ગડા, સીનીયર મનોચિકિત્સક ,**
**ડૉ. દિપ્તી શાહ (ગડા), બાળ મનોચિકિત્સક**

# સાંસદ મનોજ કોટક દ્વારા દેવનાર, ગોવંડી વિસ્તારના પોલિસ સ્ટેશનોની મુલાકાત લેવાઈ





ઈશાન મુંબઈના સાંસદ મનોજ કોટકે મંગળવાર તા.૧૯ મે ૨૦૨૦ના રોજ દેવનાર, ગોવંડી, શિવાજી નગર અને માનખુર્દ વિસ્તારના પોલિસ સ્ટેશનોની મુલાકાત લીધી અને આ પોલિસ સ્ટેશનના બધા પોલિસ ઈન્સ્પેક્ટર સાથે મુલાકાત કરી. આ મુલાકાતમાં લોકડાઉનને લાગુ કરવા માટે પોલીસકર્મીઓ સામે આવતી સમસ્યાઓ અંગે ચર્ચા કરી. આ ઉપરાંત તનાવથી લડવા માટે આવશ્યક સમર્થન, પોલિસ થાણાની સુરક્ષાના ઉપાય પર પણ ચર્ચા કરી હતી. આ સમયે સાંસદ મનોજ કોટક દ્વારા મુંબઈ પોલિસની સાહસ અને સેવા કરવાના ઉદાર ભાવથી તેઓને રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે હોમિઓપેથીક દવા અપાઈ. સાંસદ મનોજ કોટકે કહ્યું કે આ મહામારીના સમયે પોલિસની મહત્વની ભૂમિકા છે. તેઓને સંકટના સમયે વિવિધ કર્તવ્યોનું પાલન કરવું પડે છે જે ખૂબ જ સંકટભર્યું કાર્ય છે.

# દેશમાં લોકડાઉન ૩૧ મે સુધી લંબાવાયું

બીજા પાનાથી ચાલુ

પરવાનગી આપી છે, પરંતુ એમાં પ્રેક્ષકોને આવવા દેવામાં નહી આવે ફક્ત ખેલાડીઓ પોતાની ટ્રેઈનિંગ ચાલુ કરી શકશે. લગ્ન સમારંભોમાં વધુમાં વધુ ૫૦ અને અંતિમ યાત્રામાં વધુમાં વધુ ૨૦ વ્યક્તિઓ સોશિઅલ ડીસ્ટન્સિંગ જાળવીને ભાગ લઇ શકશે.

એક મોટા અને મહત્વના ફેરફારમાં રાજ્ય સરકારો તેમજ કેન્દ્ર શાસિત પ્રદેશોને તેમના શાસન હેઠળના વિસ્તારમાં કોરોનાની પરિસ્થિતિ જોઇને કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલાયના માપદંડો પ્રમાણે રેડ, ઓરેન્જ અને ગ્રીન ઝોન જાહેર કરવાની પરવાનગી અપાઈ છે. લોકડાઉન ૩.૦માં રેડ, ઓરેન્જ અને ગ્રીન ઝોન કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરવામાં આવ્યા હતા અને અમુક રાજ્યોએ આ બાબતે અસંતોષ દર્શાવ્યો હતો.

આ ગાઈડલાઈન્સમાં જણાવાયું છે કે લોકડાઉન ૪.૦ના આ સમય દરમ્યાન કોઈ પણ ડોમેસ્ટિક કે ઈન્ટરનેશનલ ફ્લાઈટ નહી ઊડે, ફક્ત મેડિકલ કારણોસર એર એમ્બ્યુલેન્સ ઊડી શકશે.

અન્ય એક મહત્વની જાહેરાતમાં બે રાજ્યો વચ્ચે વાહનવ્યવહાર અને પ્રવાસીઓની હેરફેર બંને રાજ્યોની સંમતિ સાથે શરૂ કરી શકાશે. કન્ટેઈનમેન્ટ ઝોનમાં આવેલી દુકાનો સિવાયની દુકાનો તેમણે નિર્ધારિત કરાયેલા સમયે ખુલ્લી રહેશે.

મહારાષ્ટ્રમાં લોકડાઉનના આ ચોથા તબક્કામાં રાજ્ય સરકાર ગ્રીન અને ઓરેન્જ ઝોનમાં વિશેષ રાહત આપશે. મહારાષ્ટ્ર સરકારના મુખ્ય સચિવ અજોય મહેતાએ બહાર પાડેલા નોટીફીકેશનમાં જણાવવામાં આવ્યું છે કે લોકડાઉન હટાવવા અને એના નિયમોમાં તબક્કાવાર રાહત આપવાની જાહેરાત સમયાનુસાર કરવામાં આવશે. તે પ્રમાણે મહારાષ્ટ્ર સરકારે ગઈકાલ, તા. ૧૯ મેના એક નોટીફીકેશન બહાર પાડીને લોકડાઉન ૪.૦ દરમ્યાન મહારાષ્ટ્રમાં કઈ પ્રવૃત્તિઓ કરી શકાશે અને કઈ નહીં તે અંગે વિગતવાર આદેશો આપ્યા હતા. રાજ્યના વિસ્તારોને હવે રેડ, ઓરેન્જ અને ગ્રીન એમ ત્રણ ઝોનને બદલે ફક્ત રેડ ઝોન અને અન્ય વિસ્તાર એમ બે જ કેટેગરીમાં વર્ગીકૃત કરવામાં આવ્યા છે. રેડ ઝોન સિવાયના અન્ય વિસ્તારોમાં વધુ છૂટછાટો આપવામાં આવી છે. કન્ટેઈનમેન્ટ ઝોન્સમાં લોકડાઉન ૩.૦ જેવી જ પરિસ્થિતિ જાળવી રાખવામાં આવી છે અને કોઈ વધારે છૂટછાટ આપવામાં આવી નથી (જુઓ ગ્રાફિક)

**જલસા ઈવેન્ટ્સ**
લગ્નગીત, સંગીત સંધ્યા, રાસ ગરબા, ઓર્કેસ્ટ્રા, બર્થડે સેલિબ્રેશન, કીટી પાર્ટી, ડીજે, મ્યુઝિકલ તંબોલા, ગેમ્સ શો, માતાજીની પહેડી.
દરેક અવસરને અનેરો બનાવવા
મનોરંજન કાર્યક્રમો માત્ર ૧૧૦૦૦થી શરૂ
સંપર્કઃ હિરેનભાઈ
9322600800



## જ્યોતિષ - પ્રકાશ જોષી

મોબાઈલ - ૯૯૬૯૦૪૪૪૮૧
Email : prakasjoshi@gmail.com

**મેષ (અ,લ,ઈ)** : નાણાંકીય લાભ મળવાના પ્રસંગો ઉપસ્થિત થાય. આવતા સપ્તાહથી નાણાં ભીડ ઓછી થાય છતાં નાણાંની જરૂરીયાત તકી ઘરેલું વાતાવરણમાં વૈમનસ્ય ન વધે તે અંગે સાવધાની વર્તવી અત્યંત જરૂરી છે. સહાસ-સટ્ટા દ્વારા કોઈ લાભ મળી શકે છે. નાણાંકીય બાબતોમાં ભ્રાતુવર્ગ, જીવનસાથી / ભાગીદારોને થોડો અસંતોષ અને શંકા રહે,

**વૃષભ (બ,વ,ઉ)** : સ્વાસ્થ્ય બાબતે રાહતનો અનુભવ થાય. સહાસ-સટ્ટામાં નાણાંનું ખોટું રોકાણ થઈ શકે છે. આનંદ પ્રમોદનું વાતાવરણ રહે અને માનસીક સ્વાસ્થતા જળવાઈ રહેતી જોવાય. છતાં સંયમમાં રહેલું હિતકારક પુરાવાર થાય. આકસ્મીક આવક થવા અંગે આશાવાદ બંધાય.

**મિથુન (ક,છ,ઘ)** : સ્વાસ્થ્યી સ્થિતિ સામાન્ય સુધારા પર રહેતાં શારીરિક રાહતનો અનુભવ થઈ શકે. ભાગ્યની સહારે આવક થવાથી પરિસ્થિતિ અંકુશમાં રાખી શકાય. વ્યવહારો સચવાઈ જવાનો સંતોષ લઈ શકાય. સંતાનો બાબતે આનંદ દાયક ઘટનાનો અહેસાસ અનુ ભવાય. ઘરેલું વ્યવસાથા તરફ વધારે પ્રમાણમાં ધ્યાન આપવું પડે. યાત્રા-પ્રવાસમાં ગરમીના પ્રકોપથી બચવું સ્વાસ્થ માટે જરૂરી છે.

**કર્ક (ડ,હ)** : આર્થિક બાબતો અંગે રાહતનો અનુભવ યથાવત રહેતો જોવાય. ભાગ્યના સથવારે સારો આવક અને બચતનો અનુભવ થાય. નાણાંનુ આયોજન કરવામાં આગળ ખોટ સહન ન કરવી પડે તે અંગે સાવધાની પૂર્વક આગળ વધવું અત્યંત જરૂરી છે. નવા કામ ધંધામાં નાણાંકીય રોકાણ થઈ શકે છે. શરીરિક સ્વાસ્થ્ય બાબતે સાવધાની વર્તવી અત્યંત જરૂરી અને હિતાવઃ છે. ધ્યાન રાખવું.

**સિંહ (મ,ટ)** : વાહનઅંગેની ખરીદી કરતી હોય તો શક્ય થાય અને તેની ઉપયોગીતા જણાય યાત્રા-પ્રવાસ-અન્ય સ્થળે રોકાણ થવું શક્ય છે. વિદેશ ગમન અંગેના યોગો પણ ઉપસ્થિત થઈ શકે છે. યશ-માન-પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. દલાલી-કમીશન વધેરે દ્વારા આવકમાં વધારો થઈ શકે છે. કામકાજમાં મંદગતી અંગેના પ્રશ્નો ઉપસ્થિત થતા જોઈ શકાય છે. છતાં ચીંતાનો પ્રશ્ન ઉપસ્થિત ન થાય.

**કન્યા (પ,ઠ,ણ)** : માથાના દુઃખાવા અંગેની ફરીયાદ રહેતી જણાય અન્યથા સારુ સ્વાસ્થ્ય રહેતું જોવાય. સહાસ-સટ્ટા-રોકાણ અંગેના આયોજનો કરવામાં વ્યસ્તતા વધારે પ્રમાણમાં રહેતી જોવાય. સ્થાવર-જંગમ મિલ્કત દ્વારા લાભ અથવા કમાણી કરવા અંગેનું આયોજન કરી શકો છો. આવક-પગાર વધારા અંગે થોભવું અને રાહ જોવી આવશ્યક રહેતી જોવાય. શાંતિ રાખવી જરૂરી છે.

**તુલા (ર,ત)** : વાયુ-વિકાર અને વિચાર વાયુ થકી સંભાલવું અત્યંત જરૂરી છે. ઘરે બેઠાં કામકરવું હિતકારક રહે અન્ય ધંદા કરવા અંગે પણ વિચારી શકાય કે કરી શકાશે. આવક વૃદ્ધી કે પદોન્નતી મળવી શક્ય છે. પિત્ત-વાયુ પ્રકોપ અને ઋતુની અસરો અંગે સાવધાની પૂર્વક ઈલાજો કરાવી લેવા અત્યંત જરૂરી છે. સહાસ-સટ્ટા અંગેના કાયોર તરફ વધારે પ્રમાણમાં આકર્ષણ રહેતું થાય.

**વૃશ્ચિક (ન,ય)** : આરોગ્ય એકંદરે સારુ રહે. કામકાજમાં વધારાનો બોજ ઉઠાવવો પડતો જોવાય. ગણત્રીઓ અને અંદાજો પણ વધારે ધ્યાન રાખતાં જણાય. સ્થાવર જંગમ અંગે જીવનસાથી-ભાગીદાર વધારે પ્રમાણમાં કાર્યરત રહેતા જણાય, તેમનો ઉત્સાહ પણ પ્રમાણમાં કાર્યરત રહેતા જણાય, તેમનો ઉત્સાહ પણ પ્રમાણામાં વધારે રહેતો જોવા. પિત્ત અંગે ઉપાય કરવા અત્યંત જરૂરી છે. બી.પી. વધારી શકે છે.

**ધન (ભ,ધ,ફ,ઢ)** : આગળ પણ સ્વાસ્થ્ય અંગેની સમસ્યા ઉભી ન થાય તે અંગે સ્વાસ્થ્ય માટે જરૂરી ઈલાજ કરતાં રહેવા જરૂરી છે. સટ્ટાકીય કામકાજો અંગે વધારે ધ્યાન આકર્ષીત થઈ શકે છે. ઘર ખર્ચ અંગેનો વધારો સહન કરવો પડતો જોવાય. સ્થાવર-જંગમ સંપત્તીમાં ફેરફાર કરવા માટે વિચારો શકાય છે. જીવનસાથી-ભાગીદાર પોતાના કામો કરતાં તમારી મદદ પણ કરી શકે છે.


**મકર (ખ,જ)** : આર્થિક આવક બાબતે સટ્ટાકીય પ્રવૃત્તી તરફ વધારે લક્ષ રહેતું જોવાય અને સટ્ટાકીય લાભો તારવણી દ્વારા નફામાં ફેરવી શકાય તે અંગે જોઈ લેવું. વ્યવસાયમાં બદલી કે બઢતી અંગેની શક્યતા વધારે પ્રમાણમાં મળતી જોવાય. વૈચારિક વમળમાં ફસાઈ અલગ-અલગ પરિસ્થિતિ અંગે વિચાર કરતાં જોવા મળે સંપત્તીમાં ફેરફાર અંગેની શક્યતા વધારે રહેતી જોવાય છે.

**કુંભ (ગ,સ,શ,ષ)** : સ્વાસ્થ્ય એકંદરે સારુ રહેતું જોવાય. હિસાબો અને ચોપડાઓ વ્યવસ્થિત રાખવા જરૂરી છે. સરકારી તકલીફો ઘર સુધી ન પહોંચે તે અંગે સાચવીને કામ કરલું અને પરિસ્થિતિ પ્રમાણે સાવધાની પૂર્વક નિર્ણય લઈને પરિસ્થિતિ પાળે પાડવા પ્રયત્નો કરવા અત્યંત જરૂરી છે. કિંમતી વસ્તુ અથવા મોંઘી ઘરેલુ વપરાશની વસ્તુ ખરીદવા માટે ખર્ચાઓ કરવા તૈયારી રાખવી પડે.

**મીન (દ,ચ,ઝ,થ)** : સામાન્ય સ્વાસ્થ્ય જાળવવા પુરતા ઈલાજો કરવા અત્યંત જરૂરી છે. ખર્ચાઓનું પ્રમાણ વધારે રહેતુ જોવાય. દવા-દારુ અને ઘરેલુ ખર્ચાઓનુ પ્રમાણ વધારે રહેતું જોવાય. યાત્રા-પ્રવાસ-જાત્રા અંગેની યોજના કરવામાં સમય પસાર કરતાં જણાય. કિંમતી ઝર-ઝવેરાતની ખરીદી યોગ્ય ચકાસણી અને ખામીબાદ જ કરવી જરૂરી છે. છેતરપીંડીથી સાવધ રહેવું અત્યંત જરૂરી છે.

## કદર કરવાની સમજ-સમાજની આવશ્યકતા

શબ્દોનું સ્પંદન




પ્રા. બિંદુ મહેતા

સંબંધો ઉપર ભણાવતી વખતે વિદ્યાર્થીનીઓ સામે અમુક પરિસ્થિતિ મુકી તેઓના અભિપ્રાય જાણીએ એકવાર તેઓને મેં કહ્યું કે તમને કોઈક ઈનામ મળ્યું છે. તમે તે લેવા હોલમાં જાવ ત્યારે લોકોએ તાળીઓનાં ગડબડાટથી તમને વધાવી લીધા ત્યાંથી પાછા વળતા જે મળ્યા તેઓએ પણ તમને વધાવી લીધા ત્યાંથી પાછા વળતા જે મળ્યા તેઓએ પણ તમને અભિનંદન આપ્યા તમે તમારા વર્ગમાં ઈનામ લઈને આવો છો. ત્યારે ભણાવતા ભણાવતા શિક્ષક પણ તમને શુભેચ્છા આપી પણ ક્લાસની સહવિદ્યાર્થીનીમાંથી કોઈ કાંઈ જ ન બોલ્યુ તે તમને શું લાગે? વિદ્યાર્થીનીઓએ એક્કી સાથે જ કહ્યું જરાય ન ગમે, મે કહ્યું કેમ? તો કદી જુદી જુદી વિદ્યાર્થીનીઓના જુદા જુદા જવાબ. પરંતુ કહેવાનું તાત્પર્ય તે કે, માનની જગ્યાએ અવગણના કરી તો શું કરવું જોઈએ? પહેલા ઉચકી લે કે ખુશીની ચીચીયારી પાડે રીધમમાં તાળીઓ પાડે જુદી જુદી રીતે અભિનંદન આપે પણ આવું કોઈ જ ન થાય તો ન જ ગમે. ને મે કહ્યું હોલમાં બધાએ તાળીઓથી વધાવ્યા મે અને બીજા શિક્ષકોએ અભિનંદન આપ્યા એક ક્લાસમેટે કઈ ન કીધુ તો શું થઈ ગયું તેઓ કહે વર્ગની વિદ્યાર્થીનીઓ કંપની કહેવાય તેમાંથી જ કોઈ કાંઈ ન બોલે તો ખરાબ જ લાગેને અને તમે ઘરેજાવ ત્યારે ઘરના કાંઈ ન બોલે તો? તો બધા કહે મિસ આવું તો ન જ બને. ઘરના તો રાજીના રેડ થઈ જાય. માણસ કુટુંબમાંથી શરૂ થઈ અનેક નાના મોટા ઔપચારિક અનૌપચારિક જૂથના સભ્યો હોય છે. દરેક જુદા જુદા જૂથમાં તેની જુદી જુદી ઓળખ હોય છે. કોઈ પણ વ્યક્તિને જેટલા ઓળખીએ પ્રસંશાના બે શબ્દ તેને વધુ સારું કાર્ય કરવાની પ્રેરણા અને શક્તિ આપે જ. બધાજ માન સન્માનને પૈસા સાથે ન તોલાય. થોડીક સમજણ સદભાવના સારા સંસ્કાર ઘણું સારું કામ કરી શકે છે. આજે કુટુંબ પરિવાર બધા જુથનો પાયો છે. આજે આપણે ઘણી જગ્યાએ પરિવાર શબ્દ વાપરીએ છીએ દા.ત. સ્વાધ્યાય પરિવાર. બધા જ બાહ્ય પરિવારમાં ઓતપ્રોત થઈ આપણે કુટુંબ પરિવાર તરફ ઓછુ લક્ષ્ય આપીએ છીએ જેના માટે ગુણાનાત્મક સમય પણ ઓછા ફાળવીએ છીએ. નાની નાનો કદર મોટું મોટું ફળ આપે છે. દરેક જગ્યાએ માણસના સુખ દુઃખમાં પડખે ઉભા રહી બે શબ્દ પણ ઘણું મોટું સારું કરી શકે છે.

## બહેનશ્રીના વચનામૃત

- સંકલન વિજય બોટાદરા




પ્રશ્નઃ આત્માની વિભૂતિને ઉપમા આફી સમજાવો.

ઉત્તરઃ ચૈતન્યતત્વમાં વિભૂતિ ભરી છે. કોઈ ઉપમા તેમને લાગી પડતી નથી. ચૈતન્યન્યમાં જે વિભૂતિ ભરી છે. તે અનુભવમાં આવે છે. ઉપમા શી અપાય?

- ૪૨૮


# શ્રી ઘાટકોપર શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છ સંઘ, નવરોજી લેન, ઘાટકોપર (વે.)

## સંઘના આંગણે ૪૯ મી સાલગીરી અને ૫૦મી ધજાની પૂર્ણાહૂતિનો ઉત્સવ

## દેરાસરની સાલગીરીની લોકડાઉનમાં પણ ઘાટકોપરમાં ઘરેઘરે ઉજવણી







યુગદિવાકર પૂ. આચાર્ય ભગવંત શ્રી ધર્મસૂરીશ્વરજી મહારાજના પુણ્યપ્રભાવથી નિર્માણ પામેલ શ્રી ઘાટકોપર શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છ સંઘ, નવરોજી લેન, ઘાટકોપર (વે.) સંઘના આંગણે ૪૯ મી સાલગીરી અને ૫૦મી ધજાની પૂર્ણાહતિનો ઉત્સવ આવ્યો છે. લોકડાઉનની અસર બહારનાં માહોલ પર પડે, પરંતુ અંદરનાં ઉલ્લાસને તો ક્યાં લોકડાઉન નડે છે? એવું આ સંઘનાં ધ્વજોત્સવને જોઈ અનુભવાય છે.

શ્રી સંઘની પાઠશાળા-કલા સંસ્કાર વાટિકાનાં બાળકો-બહેનોએ દસ દિવસનાં દશાન્હિકા ઉત્સવનું એલાન કર્યું છે. ત્યારથી સંઘનાં ઘરે ઘરે રોજ અવનવા આયોજન યોજાય છે. આ દશ દિવસના મહોત્સવો વૈશાખ વદ-૮ તા. ૧૫-૫-૨૦ થી જેઠ સુદ્-૨ તા. ૨૪-૫-૨૦ સુધી ઉજવાશે. દરેક દિવસની ઉજવણી અને વિશેષતા નીચે મુજબ છે.

દિવસ ૧: શ્રી મુનિસુવ્રત દાદાનાં જન્મ કલ્યાણક નિમિત્તે ઘરે ઘરે શ્રી મુનિસુવ્રત





પંચલ્કયાણક પૂજા ભક્તિ અર્ચન...

દિવસ ૨: શ્રી મુનિસુવ્રત દાદાનાં નિર્વાણ કલ્યાણક નિમિત્તે ઘરમાં રહેલ મૂર્તિ/ફોટોને નિર્વાણ નૈવેદ્ય સમર્પણ.. મીઠાઈ ચઢાવવા દ્વારા પ્રભુ ભક્તિ...

દિવસ ૩: સામૂહિક પોરીસી તપોત્સવ. સંઘનાં દરેક સભ્યોએ નવકારશીનો ત્યાગ કરી દાદાને પોરસીનું તપ સમર્પિત કરું...

દિવસ ૪: પંચાદશ દાન સુક્તોત્સવ ફક્ત રૂા. ૫૦/-નું સુકૃત કોઈપણ ક્ષેત્રમાં કરી દરેક ઘર રૂા. ૫૦/-મી ધજાને આવકારે...

દિવસ ૫: શ્રી ભગવંત ભાષ્ય જાપોત્સવ: ૧૦૮ વાર પરિવારનાં સૌ સભ્યોએ ભેગા મળી, જોરથી બોલીને મુનિ સુવ્રત સ્વીમીનાં જાપ કરવા...

દિનલ ૬: શ્રી શ્રુત ભક્તિ સેવા ઉત્સવ સંઘના દરેક સભ્યો મુનિસુવ્રત દાદાનું એક ચૈત્યવંદન સ્તવન થોય પણ કરે...

દિવસ ૭: ઘર સભા સત્સંગ ઉત્સવ: ઘરનાં દરેક સભ્યો ૨૪ મિનીટ માટે ભેગા થઈ મુનિ સુવ્રત દાદા સંબંધી શુભ વાતો અને એમનાં અનુભવોની વાતો કરે....

દિવસ ૮: શ્રી જિનાલય પરિચય ઉત્સવ... સંઘનાં સભ્યોની એક વોટ્સએપ ક્વીઝ.. જેમાં જિનાલય સંબંધી પ્રશ્નોત્તરી થશે...

દિવસ ૯: સામૂહિક મહા-આરતી ઉત્સવ.. આપણા ઘરથી જિનાલય જે દિશામાં હોય તે દિશામાં એક જ સમયે આખો સંઘ આરતી ઉતારે અને ઘરે દિવડાઓ પ્રગટાવે...

દિવસ ૧૦: ૫૦ મો ધ્વજોત્સવ... ૫૦ ફળ, ૫૦ નૈવેદ્ય, ૫૦ તોરણ, ૫૦ ગહુલીઓ દ્વારા જિનાલયનો શણગાર. રંગોળીઓ દ્વારા ઉત્સવ તો







માહીલ અને લોકડાઉનનાં તમામ નિયમોનાં પાલન દ્વારા ૫૦મી ધ્વજા ફરકાવાશે... જેનું લાઈવ પ્રસારણ પણ થશે..

આ તમામ નિયમો ઉત્સવ ધર્મ રહીને જ કરવાનાં છે. જેવી કોઈફણ ભયસ્થાન ઉભું ન થાય... આ સાથે રોજ, કલા સંસ્કાર વાટિકામાં બાળકો દ્વારા નવરોજી લેનનો ઐતિહાસીક ઈતિહાસની વીડીયો ક્લીપ પણ રજૂ થાય છે રોજ ઘરે ઘરે વતી આંગીનાં ફોટા અને જિનાલયના મહત્વના પ્રાચીન પ્રસંગોનું પણ ફેસબુક પેજ પર ચિત્રણ થાય છે...

ચડાવા માટેની વિગતો અને નિયમો પણ એ પેજ પર જણાવ્યા છે કે શનિવાર તા. ૨૩-૫-૨૦૨૦ના સવારે ૧૦ થી ૧૧.૩૦ ના થશે..

ધ્વજાનો શુભ દિને છે. જેઠ સુદિ-૨ તા. ૨૪-૫-૨૦૨૦ જેનાં નિશ્રા દાતા હશે પૂજ્ય જયશેખર સૂરીશ્વરજી મહારાજ અને પૂજ્ય યુગભૂષણસૂરીશ્રી મહારાજા (નાના પંડીત મ.સા.) આદિ મહાત્માઓ....



Printed & Published by **Jayant Visanji Chheda,** Owned & Edited by **Jatin Jitendra Kothari** and Printed at : **MID DAY Infomedia Limited.,** R/843/3, TTC Industrial Area, MIDC Rabale, Navi Mumbai - 400 701. and Published at 601, Abhinandan Apt., Sarvodaya Nagar, Mulund (West), Mumbai - 400 080. • **E-mail : voiceofghatkopar@gmail.com • RNI : MAHGUJ/2008/28113**